
# આત્મધર્મ

માસિક : વર્ષ-૮ * અંક-૯ * મે, ૨૦૧૪



ભાઈ! એક વાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે! એક વાર સ્વભાવનો ઉત્સાહ લાવ....સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ..... —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* હે ભવ્ય જીવો! ઈસ જગતમેં જો કુછ અધોલોકમેં ભવનવાસી દેવોંકી, મધ્યલોકમેં મનુષ્યોંકી ઔર ઉર્ધ્વલોકમેં દેવોંકી સામર્થ્ય વિસ્મય ઉત્પન્ન કરનેકા કારણ હૈ સો સબ હી સામર્થ્ય નિશ્ચય કરકે ઈસ એક આત્માહી મેં હૈ. ઈસ કારણ હમ ઉપદેશ કરતે હૈં કિ નિશ્ચલચિત્ત હોકર, તુમ એક આત્મા હી કો નિરંતર ભજો. ૧૪૧૪. (શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૧, શ્લોક-૧૮)

* કારણ કે આ લોકમાં એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, તેથી જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં કર્તાકર્મઘટના હોતી નથી —એમ મુનિજનો અને લૌકિકજનો તત્ત્વને (વસ્તુના યથાર્થ સ્વરૂપને) અકર્તા દેખો (–કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે–એમ શ્રદ્ધામાં લાવો. ૧૪૧૫. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ-૨૦૧)

* પ્રાણિયોંકે જિસ દોષકો તીવ્ર મિથ્યાત્વરૂપ શત્રુ કરતા હૈ ઉસે યહાઁ ન સિંહ કરતા હૈ, ન સર્પ કરતા હૈ, ન હાથી કરતા હૈ, ન રાજા કરતા હૈ ઔર ન અતિશય ક્રોધકો પ્રાપ્ત હુઆ બલવાન શત્રુ ભી કરતા હૈ. (તાત્પર્ય યહ કિ પ્રાણિયોંકા સબસે અધિક અહિત કરનેવાલા એક યહ મિથ્યાત્વ હી હૈ.) ૧૪૧૬.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક–૧૪૧)

* અભેદ વિવક્ષાથી તો વસ્તુનો સ્વભાવ છે તે જ ધર્મ છે અર્થાત્ જીવનો ચૈતન્યસ્વભાવ છે તે જ તેનો ધર્મ છે; ભેદવિવક્ષાથી ઉત્તમક્ષમાદિ દશલક્ષણ તથા રત્નત્રયાદિક તે ધર્મ છે. નિશ્ચયથી પોતાના ચૈતન્યની રક્ષા કરવી અર્થાત્ વિભાવપરિણતિરૂપ ન પરિણમવું તે ધર્મ છે તથા વ્યવહારથી પરજીવોને વિભાવરૂપ દુઃખ–ક્લેશરૂપ ન કરવા અર્થાત્ તેના જ ભેદરૂપ અન્ય જીવોને પ્રાણાંત ન કરવા તે પણ ધર્મ છે. ૧૪૧૭.(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૪૭૬)

* જિસકે કેવલ દેહમેં રહનેસે ઈન્દ્રિયગાંવ રહતા હૈ ઔર જિસકે પરભવમેં ચલે જાને પર ઉજ્જડ નિશ્ચયસે હો જાતા હૈ વહ પરમાત્મા હૈ. ૧૪૧૮.

(શ્રી યોગીન્દ્રદેવ પરમાત્મપ્રકાશ, અધિ–૧, ગાથા–૧૪)

*

વર્ષ–૮
અંક–૯




સંવત
૨૦૭૦
May
A.D. 2014




# સમ્યગ્દર્શન વગર નિયમ હોઈ શકે નહીં



(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)
(પ્રવચન નં. ૩)(તા. ૨૨-૪-૪૪, શુક્રવાર)

સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જેટલી શુદ્ધતા ઉઘડી છે તેમાં હજી અધૂરાશ છે, તો અધૂરાશમાંથી પૂર્ણતા કેમ આવે ? દર્શન-જ્ઞાનમાંથી ચારિત્રની વિશેષ સ્થિરતા આવે નહીં, પણ દર્શન-જ્ઞાનમય દ્રવ્યમાં એકાગ્ર થતાં ચારિત્ર પ્રગટે છે. સમ્યગ્દર્શનની પર્યાય તો એક સમય પૂરતી છે, એક સમયની પર્યાયમાં બીજી પર્યાય નથી, જે પર્યાય બીજે સમયે નથી તે શુદ્ધતાનું કારણ કેમ થાય ? ત્રણેકાળની પર્યાય એક સમયમાં આવી શકે નહીં, એક પર્યાયનો નાશ (વ્યય) થયા પછી બીજી અવસ્થા થાય. પર્યાયનો અર્થ જ ક્રમવર્તીપણું (એક પછી એકપણું) છે, એટલે પર્યાય તો એક સમયે એક જ હોય; જો એક સમયે ત્રણેકાળની પર્યાય સાથે આવી જાય તો પછી બીજે સમયે પર્યાય ન રહે અને પર્યાય વગર દ્રવ્ય શૂન્ય થઈ જાય.

નિર્મળ કાયમી એકરૂપ ટકતા સ્વભાવથી ભરેલા દ્રવ્યની રુચિ, જ્ઞાન અને તેમાં એકરૂપથી ઠરી જવું તે નિયમ છે, અને એ નિયમ જ મોક્ષનું કારણ છે. લોકો બહારમાં નિયમ-નિયમ કરે છે, પણ સમ્યગ્દર્શન એ જ પહેલામાં પહેલો નિયમ છે, ત્યારપછી જે જ્ઞાન અને ચારિત્ર તે વિશેષ નિયમ છે, બહારના નિયમ તે નિયમ જ નથી. આ જે

**રે! ભાવ કર્મનિમિત્ત છે ને કર્મ ભાવનિમિત્ત છે,**
**અન્યોન્ય નહિ કર્તા ખરે; કર્તા વિના નહિ થાય છે. ૬૦. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

નિયમ કહેવાય છે તે જ આત્માની પૂર્ણ શુદ્ધતાનું કારણ છે. કારણ સદૃશ (સમાન, જેવું) કાર્ય હોય છે. સ્વરૂપ સ્થિરતાનો વારંવાર અભ્યાસ જ વાસ્તવમાં અનંતકાળ સુધી વસ્તુસ્વરૂપમાં સ્થિર રહી જવાનો ઉપાય છે.

જે સ્વરૂપમાં સ્થિરતા થઈ તે સ્વરૂપ જ પોતે ત્રિકાળી છે તેથી તેમાં સાદિ-અનંત સ્થિર રહી જશે. આ જ સાર છે, આ જ ઊંચામાં ઊંચું (સારૂ, હિત) કરવાનો ઉપાય છે; આ સિવાય બધું અસાર છે. વિકલ્પ છે તે અપેક્ષાએ બધું અસાર છે. સાર તો આત્મામાં કાયમ રહે તે છે. પાપભાવ તો અસાર(છોડવા જેવા) છે જ. જ્યાં પુણ્યભાવ પણ છોડવાનું કહ્યું ત્યાં પાપ રાખવાની વાત તો હોય જ શેની ? અહીં તો કહે છે કે— બાર વ્રત કે પંચ મહાવ્રતના બધા વિકલ્પ તે પણ મોક્ષમાર્ગથી વિપરીત છે—અસાર છે, ત્યાગવાયોગ્ય છે અને શુદ્ધ આત્મા જ સારભૂત છે તેથી અહીં 'નિયમ' સાથે 'સાર' શબ્દ રાખેલ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સિવાય બધું મોક્ષમાર્ગથી વિપરીત છે. નિયમ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તરફની વલણદશા—એ જ સાર છે, અને પર તરફનો ભાવ બધો અસાર છે એવા પ્રયોજનથી નિયમ સાથે સાર શબ્દ મૂક્યો છે.

હવે ટીકાકાર મુનિરાજ પદ્મપ્રભમલધારિદેવ કહે છે :—

इति विपरीतविमुक्तं रत्नत्रयमनुत्तमं प्रपद्याहम्।
अपुनर्भवभामिन्यां समुद्भवमनंगशं यामि॥

વિપરીત સ્વરૂપથી રહિત, અનુપમ, સર્વ શ્રેષ્ઠ દર્શન-જ્ઞાન-ચારિત્રમય સ્વરૂપને પ્રાપ્ત કરીને મુક્તિરૂપી સ્ત્રી તેનાથી ઉત્પન્ન અતીન્દ્રિય સ્વાભાવિક આનંદના વિલાસને પ્રાપ્ત કરું છું. અહીં આચાર્યદેવ કારણમાં જ કાર્યની પૂર્ણતા ભાળી રહ્યા છે. અવસ્થા થાય છે તે વસ્તુ વગર હોતી નથી, તેથી વસ્તુદૃષ્ટિ અને વસ્તુમાં ભેદ ભાળતા નથી. સ્વરૂપમાં અતીન્દ્રિય આનંદની મોજ-વિલાસ-આહ્લાદને પ્રાપ્ત કરું છું એમ દૃષ્ટિમાં પૂર્ણ જ ભાળે છે. હજી પૂર્ણનો ઉત્પાદ નથી છતાં શ્રદ્ધામાં પૂર્ણનો જ આનંદ છે, દૃષ્ટિના વિષયમાં અધૂરાશ હોય નહીં. ૩.

હવે કહે છે કે રત્નત્રય (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર)ની જુદાઈ કરીને તેનું વર્ણન કરવું જરૂરનું છે :—

**નિજ ભાવ કરતો આતમા કર્તા ખરે નિજ ભાવનો,**
**કર્તા ન પુદ્‌ગલકર્મનો;—ઉપદેશ જિનનો જાણવો. ૬૧. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

णियमं मोक्खउवाओ तस्स फलं हवदि परमणिव्वाणं।
एदेसिं तिण्हं पि य पत्तेयपरुवणा होई।।४।।

नियमो मोक्षोपायस्तस्य फलं भवति परमनिर्वाणम्।
एतेषां त्रयाणामपि च प्रत्येकप्ररूपणा भवति।।४।।

મોક્ષનો ઉપાય તે નિયમ છે, અને તે નિયમ ધારવાનું ફળ મોક્ષ છે—પરમ નિર્વાણ છે. ભાવ મુક્તિ તો તેરમા ગુણસ્થાને થઈ જાય છે અને સિદ્ધદશામાં પરમ-મુક્તદશા છે. નિયમ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ છે તેથી તે ત્રણેનું જુદું-જુદું વર્ણન હવે પછીની ગાથામાં કહેવાશે.

પ્રવાહરૂપે અનાદિ અને નવાં બંધાય તે અપેક્ષાએ આદિ એ રીતે અનાદિ તથા સાદિ કાળથી સંસારી જીવને લાગેલાં સમસ્ત કર્મોથી છૂટી જવાથી જે ઉપમારહિત-મહા-નિરૂપમ, અવિનાશી, અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ થાય છે તે જ સદા આનંદરૂપ પરમ નિર્વાણ અર્થાત્ મોક્ષ છે.

કોઈ પણ જાતની આકૂળતા-ખેદ-હર્ષ એ બધાનો નાશ અને અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ તે પરમનિર્વાણ છે. સુખગુણની મુખ્યતાથી વ્યાખ્યા કરી છે, જગતનું ધ્યેય સુખનું છે. પરમ આનંદસ્વરૂપ આત્મા જ છે તેની રુચિથી માંડીને પરમાનંદની પ્રાપ્તિ સુધી મોક્ષમાર્ગ અને પરમ આનંદની પ્રાપ્તિ તે મોક્ષ. દ્રવ્યમાં ત્રિકાળ આનંદ હતો તે પર્યાયમાં પૂર્ણ થઈ ગયો તેનું નામ મોક્ષ. (અહીં આનંદ ગુણની મુખ્યતાથી કહ્યું છે. આનંદગુણ પૂર્ણ થતાં જ્ઞાનાદિ બધા ગુણો પૂર્ણ થઈ જાય છે, જ્ઞાનનું ફળ આનંદ છે.) આનંદની પ્રાપ્તિનો લાભ એ જ મોક્ષ છે. તથા આત્માની અભેદ-રત્નત્રયરૂપ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ) પરિણતિ તે જ મહા આનંદની પ્રાપ્તિનું (મોક્ષનું) કારણ છે.

આ રીતે, જો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા એ જ મોક્ષનો ઉપાય છે—પરંતુ—તે ત્રણેનું જુદું—જુદું સ્વરૂપ જાણ્યા વિના તેની એકતારૂપ સ્વરૂપની એકાગ્રતા થઈ શકતી નથી, તેથી આચાર્ય મહારાજ દર્શન-જ્ઞાન-ચારિત્રનું જુદું-જુદું સ્વરૂપ કહેવાની પ્રતિજ્ઞા કરે છે. (ક્રમશઃ) ❊

રે! કર્મ આપસ્વભાવથી નિજ કર્મપર્યયને કરે,
આત્માય કર્મસ્વભાવરૂપ નિજ ભાવથી નિજને કરે. ૬૨. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

વળી લક્ષ્મી વગેરેને સ્થિર રાખવાનું કોઈ અભિમાન કરે તો તે મિથ્યા છે—એમ હવે ૧૧મી ગાથા કહે છે.

**कत्थवि ण रमइ लच्छी कुलीण-धीरे वि पंडिए सूरे ।**
**पुज्जे धम्मिट्ठे वि य सुरूव-सुयणे महासत्ते ।।११।।**

**અર્થ :—**આ લક્ષ્મી-સંપદા કુળવાન, ધૈર્યવાન, પંડિત, સુભટ, પૂજ્ય, ધર્માત્મા, રૂપવાન, સુજન અને મહા પરાક્રમી ઇત્યાદિ કોઈ પુરુષોમાં પણ રાચતી નથી. ૧૧.

દસ–દસ પેઢીથી લક્ષ્મી ચાલી આવે છે, તો હવે તે મારી પાસેથી ક્યાં જવાની છે ?–એમ અજ્ઞાની અભિમાન કરે, પણ તેને ભાન નથી કે લક્ષ્મી આવી તે તેના કારણે ને જાય તોપણ તેના કારણે. ભલે પેઢી દર પેઢીથી લક્ષ્મી ચાલી આવતી હોય, પણ ક્ષણમાં તે બીજે ચાલી જશે. કેમ કે તેની પર્યાય અધ્રુવ છે. વળી હું મોટા કુળનો છું, માટે મારી પાસેથી લક્ષ્મી નહિ જાય—એમ માને તો તે પણ મિથ્યા છે. લક્ષ્મીની પર્યાય પલટતાં તે એક ક્ષણ પણ રહેવાની નથી. રહે તો પણ તેના કારણે ને જાય તો પણ તેના કારણે; બીજાના કારણે તે એક ક્ષણ પણ રહેતી નથી.

કોઈ એમ માને કે હું તો ધીરજવાન છું માટે મારી લક્ષ્મી હું કેમ ગુમાવીશ ? અરે ભાઈ ! તારી ધીરજ તો તારી પર્યાયમાં રહે છે કે લક્ષ્મીમાં ? તો લક્ષ્મીની પર્યાય પલટતી કેમ અટકી જશે ? ક્ષણમાં લક્ષ્મીની પર્યાય પલટી જશે માટે તેનું અભિમાન છોડ, તારી ધીરજ તારી પર્યાયમાં, ને લક્ષ્મીનો સંયોગ-વિયોગ લક્ષ્મીની પર્યાયમાં; ‘‘અમે તો વેપાર-ધંધામાં ધીરજથી રૂખ જોઈને કામ લઈએ, ઉતાવળ ન કરીએ. તેથી અમારી લક્ષ્મી ક્યાંય ચાલી નહિ જાય’’—આમ અભિમાન કરીને લક્ષ્મીને ધ્રુવ માની બેસે છે, તે મૂઢ છે, તેને અધ્રુવતાનું ભાન નથી. અરે ભાઈ ! લક્ષ્મી દાટી રાખીશ તો ય તેનું પરિણમન ફરીને તે કોલસા થઈ જશે, માટે તેનું અભિમાન છોડ. તેનું પરિણમન તારું રાખ્યું નહિ રહે. બે માણસોએ રૂપિયા દાટ્યા હતા. અમુક વખત પછી જોયું તો ત્યાં રૂપિયાને બદલે ધૂળ !

**જો કર્મ કર્મ કરે અને આત્મા કરે બસ આત્મને,**
**ક્યમ કર્મ ફળ દે જીવને? ક્યમ જીવ તે ફળ ભોગવે? ૬૩. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

કોઈએ તે રૂપિયા કાઢી લીધા ન હતા, પણ તે રૂપિયા ધૂળ થઈ ગયા. વસ્તુની પર્યાયનો સ્વભાવ છે કે ક્ષણમાં પલટી જાય.

વળી કોઈ માને કે હું પંડિત અને ડાહ્યો છું, માટે મારી બુદ્ધિથી લક્ષ્મીને ટકાવી રાખીશ, મારી લક્ષ્મીને જવા નહીં દઉં. તો કહે છે કે અરે ભાઈ ! શું તારી વિદ્યાના કારણે કાંઈ લક્ષ્મી જતી અટકી જશે ? તેની પર્યાયના કાળે તે ચાલી જશે, તેમાં તારી લાખ બુદ્ધિનું ડહાપણ પણ કામ નહિ આવે.

પંડિત છું માટે મારી લક્ષ્મી કોઈ ન લ્યે, મને તો સામેથી આપે—આવી અજ્ઞાનીની બુદ્ધિ છે. અરે મૂઢ ! પરમાણુની પર્યાય ક્ષણમાં પલટી જશે. તેની પર્યાયમાં તારી બુદ્ધિ નહિ કામ આવે. પુણ્ય ફરતાં ક્ષણમાં લક્ષ્મી ચાલી જશે.

“હું બળવાન સુભટ છું, કોની તાકાત છે કે મારી લક્ષ્મી લઈ શકે ?” એમ અભિમાન કરે, પણ ભાઈ ! લક્ષ્મી જવા ટાણે તારાથી નહિ રોકી શકાય !

પરમાણુની પર્યાયમાં તારું બળ કામ નહિ આવે. આ સમજે તો પરદ્રવ્યનું અભિમાન ઊડી જાય ને અંદરમાં ધ્રુવ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવના અવલંબને શાંતિ પ્રગટે.

હું તો પૂજ્ય છું, વ્રત-તપ કરું છું, તો મારી લક્ષ્મી ક્યાં જશે ? ધર્મથી તો મને લક્ષ્મી મળશે” આમ અજ્ઞાની માને છે. અહીં સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માની વાત નથી. કેમ કે સમ્યગ્દૃષ્ટિને તો ધ્રુવ-ચિદાનંદ સ્વભાવની ભાવના છે, ને લક્ષ્મીને તે અધ્રુવ જાણે છે. અહીં તો મિથ્યાદૃષ્ટિ જીવ વ્રત-જાત્રા અને મંદ કષાય કરીને પોતાને ધર્માત્મા માનતો હોય તેવા જીવની વાત છે, તે લક્ષ્મી વગેરેનું અભિમાન કરે છે, પણ મૂઢ ! બહારની લક્ષ્મી મળવી તે કાંઈ ધર્મનું ફળ નથી. વળી અમારા ઘરમાં તો ભગવાનને પધરાવ્યા છે, તેથી અમારા ઘરમાંથી લક્ષ્મી કદી જાય નહિ—એમ માને તો તે પણ મૂઢ જીવની માન્યતા છે. તારા શુભ પરિણામ હોય તેથી કાંઈ લક્ષ્મી જતી અટકી નહિ જાય. પૂર્વના પુણ્ય ખૂટશે તો ક્ષણમાં લક્ષ્મી ચાલી જશે. જુઓ, આ પર્યાયધર્મને અનિત્ય સમજીને ધ્રુવ દ્રવ્યની ભાવના કરવા માટેની વાત છે. ધ્રુવ દ્રવ્યને સમજ્યા વગર એમ ને એમ લક્ષ્મી છોડીને ભાગે—તેને કાંઈ અનિત્ય ભાવના કહેવાય નહિ. અનિત્ય ભાવના ભાવનારની દૃષ્ટિ ધ્રુવ દ્રવ્ય ઉપર હોય છે.

કોઈ એમ માને કે હું રૂપવાન છું, માટે લક્ષ્મી નહિ જાય. મારા શરીરના

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

**અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્ગલકાયથી**
**આ લોક બાદર-સૂક્ષ્મથી, વિધવિધ અનંતાનંતથી. ૬૪. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

# ધર્મના આરાધક સમ્યગ્દ્રષ્ટિની પ્રશંસા

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

સમ્યગ્દષ્ટિની અંતરની દશા વર્ણવતાં શ્રી દૌલતરામજી કવિ કહે છે કે—

ચિન્મૂરત દગધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી;
બાહર નારકીકૃત દુઃખ ભોગે અંતર સુખરસ ગટાગટી.

નારકીને બહારમાં ક્યાં કાંઈ સગવડ છે ? છતાં તે સમ્યગ્દર્શન પામે છે; નાનું દેડકું પણ સમ્યગ્દર્શન પામે છે; તે પ્રશંસનીય છે. અઢીદ્વીપમાં સમવસરણ વગેરેમાં ઘણા તિર્યંચો સમ્યગ્દષ્ટિ છે, તે ઉપરાંત અઢીદ્વીપ બહાર તો અસંખ્યાતા તિર્યંચો આત્માના જ્ઞાન સહિત ચોથે–પાંચમે ગુણસ્થાને બિરાજી રહ્યા છે, સિંહ–વાઘ ને સર્પ જેવા પ્રાણીઓ પણ સમ્યગ્દર્શન પામે છે, તે જીવો પ્રશંસનીય છે. અંદરથી ચૈતન્યનું પાતાળ ફોડીને સમ્યગ્દર્શન પ્રગટ્યું છે–એના મહિમાની શી વાત ? બહારના સંયોગથી જુએ એને એ મહિમા ન દેખાય, પણ અંદર આત્માની દશા શું છે તેને ઓળખે તો તેના મહિમાની ખબર પડે. સમ્યગ્દષ્ટિએ આત્માના આનંદને દેખ્યો છે, એનો સ્વાદ ચાખ્યો છે, ભેદજ્ઞાન થયું છે, તે ખરેખર આદરણીય છે, પૂજ્ય છે. મોટા રાજા–મહારાજાને પ્રશંસનીય ન કહ્યા, સ્વર્ગના દેવને પ્રશંસનીય ન કહ્યા, પણ સમ્યગ્દષ્ટિને પ્રશંસનીય કહ્યા, પછી ભલે તે તિર્યંચપર્યાયમાં હો, નરકમાં હો, દેવમાં હો કે મનુષ્યમાં હો, તે સર્વત્ર પ્રશંસનીય છે. જે સમ્યગ્દર્શનધર્મને સાધી રહ્યા છે તે જ ધર્મમાં અનુમોદનીય છે. સમ્યગ્દર્શન વગર બાહ્યત્યાગ–વ્રત કે શાસ્ત્રનું જાણપણું વગેરે ઘણું હોય તોપણ આચાર્યદેવ કહે છે કે એ કાંઈ અમને પ્રશંસનીય લાગતું નથી, કેમ કે એ કાંઈ આત્માના હિતનું કારણ બનતું નથી. હિતનું મૂળકારણ તો સમ્યગ્દર્શન છે. કરોડો–અબજો જીવોમાં એકાદ સમ્યગ્દષ્ટિ હોય તોપણ તે ઉત્તમ છે—પ્રશંસનીય છે, ને વિપરીતમાર્ગમાં ઘણા હોય તોપણ તે પ્રશંસનીય નથી. આમ સમજીને હે જીવ ! તું સમ્યગ્દર્શનની આરાધના કર, એમ તાત્પર્ય છે.

શરીર ક્યાં આત્માનું છે ? જે પોતાનું નથી તે ગમે તેવું હોય તેની સાથે આત્માને શું સંબંધ છે ?—માટે ધર્મીને મોટપ સંયોગ વડે નથી, ધર્મીની મોટપ પોતાના

**તેથી કરમ, જીવભાવથી સંયુક્ત, કર્તા જાણવું;**
**ભોક્તાપણું તો જીવને ચેતકપણે તત્ફળ તણું. ૬૮. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

ચિદાનંદસ્વભાવની અનુભૂતિથી જ છે. હજારો ઘેટાના ટોળા કરતાં વનમાં એકલો સિંહ પણ શોભે છે, તેમ જગતના લાખો જીવોમાં સમ્યગ્દષ્ટિ એકલો પણ (ગૃહસ્થપણામાં હોય તોપણ) શોભે છે, તે સમ્યગ્દર્શન વગરનો મુનિ શોભતો નથી ને સમ્યગ્દષ્ટિ મુનિપણા વગર પણ શોભે છે, તે મોક્ષનો સાધક છે, તે જિનેશ્વરદેવનો પુત્ર છે; લાખ પ્રતિકૂળતા વચ્ચે પણ તે જિનશાસનમાં શોભે છે. સમ્યગ્દર્શન વગરનો જીવ ક્યાંય શોભતો નથી. મિથ્યાદષ્ટિવંત કરોડો ને સમ્યગ્દષ્ટિવંત એકાદ, છતાં સમ્યગ્દષ્ટિ જ શોભે છે. કીડીનાં ટોળાં ઝાઝા ભેગા થાય તેથી કાંઈ તેની કિંમત વધી જાય નહિ, તેમ મિથ્યાદષ્ટિ જીવો ઝાઝા ભેગા થાય તેથી કાંઈ તે પ્રશંસા પામે નહિ. સમ્યગ્દર્શન વગર પુણ્યના ઠાઠ ભેગા થાય તોપણ આત્મા શોભે નહિ; ને નરકમાં જ્યાં હજારો–લાખો કે અસંખ્યાતા વર્ષો સુધી અનાજનો કણ કે પાણીનું ટીપું મળતું નથી ત્યાં પણ આનંદકંદ આત્માનું ભાન કરીને સમ્યગ્દર્શનથી આત્મા શોભી ઊઠે છે. પ્રતિકૂળતા તે કાંઈ દોષ નથી ને અનુકૂળતા તે કાંઈ ગુણ નથી. ગુણ-દોષનો સંબંધ બહારના સંયોગ સાથે નથી; આત્માના સ્વભાવની ને સર્વજ્ઞદેવની, શ્રદ્ધા સાચી છે કે ખોટી તેના ઉપર ગુણ-દોષનો આધાર છે. ધર્મી જીવ પોતાના સ્વભાવના અનુભવથી–શ્રદ્ધાથી અત્યંત સંતુષ્ટ વર્તે છે, જગતના કોઈ સંયોગની આકાંક્ષા તેને નથી. સમ્યગ્દર્શન વગરનો કોઈ જીવ હજારો શિષ્યોથી પૂજાતો હોય–તોપણ તે પ્રશંસનીય નથી, ને કોઈક સમ્યગ્દષ્ટિ-ધર્માત્માને માનનાર કોઈ ન હોય તોપણ તે પ્રશંસનીય છે, કેમકે તે મોક્ષનો પંથી છે, તે સર્વજ્ઞનો ‘લઘુનન્દન’ છે; મુનિ તે સર્વજ્ઞના મોટા પુત્ર છે ને સમકિતી તે લઘુનન્દન એટલે નાનો પુત્ર છે. ભલે નાનો, પણ છે તો સર્વજ્ઞનો વારસદાર, તે અલ્પકાળમાં ત્રણલોકનો નાથ સર્વજ્ઞ થશે.

રાગાદિ ગમે તેવી પ્રતિકૂળતામાંય ‘હું સ્વયંસિદ્ધ, ચિદાનંદસ્વભાવી પરમાત્મા છું’ એવી નિજાત્માની અંતરપ્રતીત ધર્મીને ખસતી નથી. આત્માના સ્વભાવની આવી પ્રતીત તે સમ્યગ્દર્શન છે, ને તેમાં નિમિત્તરૂપ સર્વજ્ઞદેવની વાણી છે; તેમાં જેને સંદેહ છે તે જીવને ધર્મ હોતો નથી. સમ્યગ્દષ્ટિ જિનવચનમાં અને જિનવચને દર્શાવેલા આત્મસ્વભાવમાં પ્રતીતિ કરીને સમ્યગ્દર્શનમાં નિશ્ચલ સ્થિતિ કરે છે. આવા જીવો જગતમાં ત્રણેકાળે વિરલા જ હોય છે. ભલે થોડા હોય તોપણ તે પ્રશંસનીય છે. જગતના સામાન્ય જીવો ભલે તેને ન ઓળખે પણ સર્વજ્ઞભગવંતો, સંતો ને જ્ઞાનીઓથી તે

**કર્તા અને ભોક્તા થતો એ રીત નિજ કર્મો વડે**
**જીવ મોહથી આચ્છન્ન સાંત અનંત સંસારે ભમે. ૬૯. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

પ્રશંસાને પાત્ર છે, ભગવાને અને સંતોએ તેને મોક્ષમાર્ગમાં સ્વીકાર્યા છે. જગતમાં આથી મોટી બીજી કઈ પ્રશંસા છે? બહારમાં ગમે તેવા પ્રતિકૂળ પ્રસંગ હોય તોપણ સમ્યગ્દૃષ્ટિ–ધર્માત્મા પવિત્ર દર્શનથી ચલાયમાન થતા નથી.

પ્રશ્ન :—ચારેકોર પ્રતિકૂળતાથી ઘેરાયેલો હોય એવા દુઃખિયાને સમ્યગ્દર્શનની ફુરસદ ક્યાંથી મળે?

ઉત્તર :—ભાઈ! સમ્યગ્દર્શનમાં ક્યાં કોઈ સંયોગની જરૂર છે? પ્રતિકૂળ સંયોગો કાંઈ દુઃખનું કારણ નથી ને અનુકૂળ સંયોગો કાંઈ સમ્યક્ત્વનું કારણ નથી. આત્મસ્વરૂપમાં ભ્રાંતિ જ દુઃખનું કારણ છે ને આત્મસ્વરૂપની નિર્ભ્રાન્ત પ્રતીતરૂપ સમ્યગ્દર્શન તે સુખનું કારણ છે. આ સમ્યગ્દર્શન કોઈ સંયોગોના આશ્રયે નથી પણ પોતાના સહજ સ્વભાવના જ આશ્રયે છે. અરે, નરકમાં તો કેટલી અસહ્ય પ્રતિકૂળતા છે! ત્યાં ખાવાનું અન્ન કે પીવાનું પાણી પણ મળતું નથી, ઠંડી ગરમીનો પાર નથી, શરીરમાં પીડાનો પાર નથી, કાંઈ જ સગવડતા નથી, છતાં ત્યાં પણ (સાતમી નરકમાં પણ) અસંખ્યાતા જીવો સમ્યગ્દર્શન પામેલા છે;—તે કોના આધારે પામ્યા? સંયોગનું લક્ષ છોડી પરિણતિને અંતરમાં વાળીને પોતાના આત્માના આશ્રયે સમ્યગ્દર્શન પામ્યા. નરકમાં પણ આવું સમ્યગ્દર્શન થાય છે તો અહીં કેમ ન થાય? અહીં કાંઈ નરક જેટલી તો પ્રતિકૂળતા નથી ને? પોતે પોતાની રુચિ પલટાવીને આત્માની દૃષ્ટિ કરે તો સંયોગ કાંઈ નડતા નથી. પોતે રુચિ ન પલટાવે ને સંયોગોનો વાંક કાઢે એ તો મિથ્યાબુદ્ધિ છે.

અહીં, પૈસા હોય કે પુણ્ય હોય તો જીવ પ્રશંસનીય છે એમ ન કહ્યું, પણ જેની પાસે ધર્મ છે તે જ જીવ પ્રશંસનીય છે એમ કહ્યું. પૈસા કે પુણ્ય એ ક્યાં આત્માના સ્વભાવની ચીજ છે? જે પોતાના સ્વભાવની ચીજ ન હોય તેનાથી આત્માની શોભા કેમ હોય? હે જીવ! તારી શોભા તો તારા નિર્મળ ભાવોથી છે. બીજાથી તારી શોભા નથી. અંતરસ્વભાવની પ્રતીત કરીને તેમાં તું ઠર એટલી જ તારી મુક્તિની વાર છે.

અનુકૂળ– પ્રતિકૂળ સંયોગ ઉપરથી કાંઈ ધર્મ–અધર્મનું માપ નથી; ધર્મી હોય તેને પ્રતિકૂળતા આવે જ નહિ–એવું નથી; હા, એટલું ખરું કે પ્રતિકૂળતામાંય ધર્મી જીવ પોતાના ધર્મને છોડે નહિ. કોઈ કહે કે ધર્મીને પુત્ર વગેરે મરે જ નહિ, ધર્મીને રોગ થાય જ નહિ, ધર્મીનાં વહાણ ડૂબે જ નહિ, તો એની વાત સાચી નથી, એને ધર્મના સ્વરૂપની

**જિનવચનથી લહી માર્ગ જે, ઉપશાંતક્ષીણમોહી બને,**
**જ્ઞાનાનુમાર્ગ વિષે ચરે, તે ધીર શિવપુરને વરે. ૭૦. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

ખબર નથી. ધર્મીનેય પૂર્વના પાપનો ઉદય હોય તો એ બધું બને. કોઈવાર ધર્મીના પુત્રાદિનું આયુષ્ય ઓછું પણ હોય ને અજ્ઞાનીના પુત્રાદિનું આયુષ્ય વિશેષ હોય,—પણ તેથી શું ? એ તો પૂર્વના બાંધેલા શુભ-અશુભ કર્મના ચાળા છે, એની સાથે ધર્મ–અધર્મનો સંબંધ નથી. ધર્મીની શોભા તો પોતાના આત્માથી જ છે, કોઈ સંયોગથી એની શોભા નથી. મિથ્યાદષ્ટિને સંયોગ કોઈવાર અનુકૂળ હોય, પણ અરે ! મિથ્યામાર્ગનું સેવન એ મહા દુઃખનું કારણ છે–એની પ્રશંસા શી ? કુદષ્ટિની–કુમાર્ગની પ્રશંસા ધર્મી જીવ કરે નહિ, સમ્યક્ પ્રતીતિ વડે નિજસ્વભાવથી જે જીવ ભરેલો છે ને પાપના ઉદયને કારણે સંયોગથી ખાલી છે (અર્થાત્ અનુકૂળ સંયોગ તેને નથી) તોપણ તેનું જીવન પ્રશંસનીય છે—સુખી છે. હું મારા સુખસ્વભાવથી ભરેલો છું ને સંયોગથી ખાલી છું એવી અનુભૂતિ ધર્મીને સદાય વર્તે છે, તે સત્યનો સત્કાર કરનાર છે, આનંદદાયક અમૃતમાર્ગે ચાલનાર છે. અને સ્વભાવથી જે ખાલી છે અર્થાત્ જ્ઞાનાનંદથી ભરેલા નિજસ્વભાવને જે દેખતો નથી ને વિપરીત દૃષ્ટિથી રાગને જ ધર્મ માને છે, સંયોગથી ને પુણ્યથી પોતાને ભરેલો માને છે, તે જીવ બહારના સંયોગથી સુખી જેવો દેખાતો હોય તોપણ તે ખરેખર મહા દુઃખી છે, સંસારના માર્ગે છે. બહારનો સંયોગ એ કાંઈ વર્તમાન ધર્મનું ફળ નથી. ધર્મી જીવ બહારથી ભલે ખાલી હોય પણ અંતરમાં ભરેલા સ્વભાવના ભરોસે તે કેવળજ્ઞાની થવાનો. અને જે જીવ સંયોગથી ભરેલો પણ સ્વભાવથી ખાલી છે—સમ્યગ્દર્શનથી રહિત છે તે ઊંધી દૃષ્ટિથી સંસારમાં રખડવાનો; આત્માને સ્વભાવથી ભરેલો ને સંયોગથી ખાલી માન્યો તો તેના ફળમાં સંયોગરહિત એવા સિદ્ધપદને પામશે.

સંયોગથી આત્માની મોટાઈ નથી. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે—

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો.

અરે, સંયોગથી આત્માની મોટાઈ માનવી એ તો સ્વભાવને ભૂલીને આ મોંઘો મનુષ્યભવ હારી જવા જેવું છે. માટે હે ભાઈ ! આવો મનુષ્ય અવતાર પામીને આત્માનું ભાન કેમ થાય ને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈને ભવભ્રમણ કેમ મટે—એનો પ્રયત્ન કર.

જડરૂપ પુદ્‌ગલકાય કેરા ચાર ભેદો જાણવા;
તે સ્કંધ, તેનો દેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ કહ્યા. ૭૪. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

જગતમાં અસત્ માનનારા ઘણા હોય—તેથી શું ? અને સત્યધર્મ સમજનારા થોડા જ હોય-તેથી શું ?—તેથી કાંઈ અસત્‌ની કિંમત વધી જાય ને સત્‌ની કિંમત ઘટી જાય—એમ નથી. કીડીનાં ટોળાં ઘણાં હોય ને માણસ થોડા હોય—તેથી કાંઈ કીડીની કિંમત વધી ન જાય. જગતમાં સિદ્ધો સદાય થોડા ને સંસારી જીવો ઝાઝા, તેથી સિદ્ધ કરતાં સંસારીની કિંમત શું વધી ગઈ ? જેમ અફીણનો ભલે મોટો ઢગલો હોય તોપણ તે કડવો છે, ને સાકરની નાની કટકી હોય તોપણ તે મીઠી છે, તેમ મિથ્યામાર્ગમાં કરોડો જીવો હોય તોપણ તે માર્ગ ઝેર જેવો છે, ને સમ્યક્‌માર્ગમાં ભલે થોડા જીવો હોય તોપણ તે માર્ગ અમૃત જેવો છે. જેમ—થાળી ભલે સોનાની હોય પણ જો તેમાં ઝેર ભર્યું હોય તો તે શોભતું નથી ને ખાનારને મારે છે, તેમ ભલે પુણ્યના ઠાઠ વચ્ચે પડ્યો હોય પણ જે જીવ મિથ્યાત્વરૂપી ઝેરસહિત છે તે શોભતો નથી, તે સંસારમાં ભાવમરણથી મરે છે. પણ, જેમ થાળી ભલે લોઢાની હોય પણ જો તેમાં અમૃત ભર્યું હોય તો તે શોભે છે ને ખાનારને તૃપ્તિ આપે છે, તેમ ભલે પ્રતિકૂળતાના ગંજ વચ્ચે પડ્યો હોય પણ જે જીવ સમ્યગ્દર્શનરૂપી અમૃતથી ભરેલો છે તે શોભે છે, તે આત્માના પરમ સુખને અનુભવે છે ને અમૃત એવા સિદ્ધપદને પામે છે.


પરમાત્મપ્રકાશ પૃ. ૨૦૦ માં કહ્યું છે કે—

"वरं नरकवासोऽपि सम्यक्त्वेन हि संयुतः।
न तु सम्यक्त्वहीनस्य निवासो दिवि राजते॥"

સમ્યક્ત્વસહિત જીવનો તો નરકવાસ પણ ભલો છે ને સમ્યક્ત્વરહિત જીવનો દેવલોકમાં નિવાસ પણ શોભતો નથી. સમ્યગ્દર્શન વગર દેવલોકના દેવો પણ દુઃખી જ છે. શાસ્ત્રો તો તેને પાપી કહે છે—'सम्यक्त्वरहित जीवाः पुण्यसहिता अपि पापजीवा भण्यन्ते।' આમ જાણીને શ્રાવકે સૌથી પહેલાં સમ્યક્ત્વની આરાધના કરવી.

પહેલી ગાથામાં ભગવાન સર્વજ્ઞદેવની અને તેમની વાણીની ઓળખાણ તથા શ્રદ્ધાપૂર્વક જ શ્રાવકધર્મ હોય છે—એ બતાવ્યું; ને બીજી ગાથામાં, એવી શ્રદ્ધા કરનારા સમ્યગ્દૃષ્ટિ જીવો થોડા હોય તોપણ તે પ્રશંસનીય છે—એમ બતાવીને તેની આરાધનાનો ઉપદેશ આપ્યો. હવે ત્રીજી ગાથામાં શ્રી પદ્મનંદીસ્વામી તે સમ્યગ્દર્શનને મોક્ષનું બીજ કહીને તેની પ્રાપ્તિ માટે પરમ ઉદ્યમ કરવાનું કહે છે. ★ ★ ★

**પૂરણ-સકળ તે 'સ્કંધ' છે ને અર્ધ તેનું 'દેશ' છે,**
**અર્ધાર્ધ તેનું 'પ્રદેશ' ને અવિભાગ તે 'પરમાણુ' છે. ૭૫. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**




## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૧૦

**અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી. એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય—આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ૧૦.**

**‘અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ...’**

વાત શી છે ? જેને રાગ સાથે એકતા તૂટી છે ને સ્વભાવની એકતા થઈ છે તેને તો એકત્વ-વિભક્ત સ્વભાવ જ જણાય છે. દૃષ્ટિમાં શુદ્ધચૈતન્ય ભગવાન કે જે એકમાત્ર દૃષ્ટિનો વિષય છે તે જ જણાય છે; આત્મામાં—પર્યાયમાં—અશુદ્ધતા પડી છે પણ તે દૃષ્ટિનો વિષય નથી. અશુદ્ધતા વગેરેનું જ્ઞાન હોય, પણ તેનો આશ્રય ન હોય. પવિત્ર અને પૂર્ણ એવું ભગવાન શુદ્ધ ચૈતન્ય—અપરિમિત જ્ઞાન ને આનંદ આદિ અનંત શક્તિઓનું દળ—નજરમાં, પ્રતીતિમાં, જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય થઈને, જણાયું તે નિજ અસ્તિત્વને જોનાર ધર્મી કહે છે કે ‘અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ’. બધાનું મૂળ સ્વરૂપ શુદ્ધ છે તેથી જેમ અમે સિદ્ધપણે છીએ એમ બધા જીવો સ્વભાવે સિદ્ધપણે જ છે. પર્યાયમાં અશુદ્ધતા હોવા છતાં વસ્તુ તો શુદ્ધ જ છે. એની દશાનાં પુણ્ય-પાપ તો વિકારમાં જાય છે, એ કાંઈ આત્માના મૂળ સ્વભાવમાં જતાં-આવતાં નથી. વસ્તુ તો સિદ્ધસ્વરૂપી છે. ‘તે જ આત્મા છે’ એમ જોનાર બધા આત્માને સિદ્ધપણે જ જુએ છે. સમ્યગ્દર્શન એટલે કે સત્યનું દર્શન જ્યાં થયું, પૂર્ણ સત્ય, પૂર્ણ અસ્તિત્વ, ભૂતાર્થ—સત્યાર્થ વસ્તુનો અનુભવ થયો તે ‘બધા આત્માઓ એવા જ છે’ એમ દેખે છે. પર્યાયબુદ્ધિ ટળી ગઈ છે તે બીજાને પર્યાયબુદ્ધિથી દેખતો નથી, પણ દ્રવ્યબુદ્ધિથી દેખે છે. આવી વાત છે!

**‘અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ.’**

જ્યમ જગતમાં જળ મીનને અનુગ્રહ કરે છે ગમનમાં,
ત્યમ ધર્મ પણ અનુગ્રહ કરે જીવ-પુદ્‌ગલોને ગમનમાં. ૮૫. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

જીવ તો ‘આ કરવું’, આ કરવું; એમાં રોકાઈ ગયો છે. પણ ‘કરવું’ જેનામાં છે જ નહિ એવા જ્ઞાયકપિંડ પ્રભુને—કે જે રાગના ને ઉદયના ભાવના અકર્તાસ્વભાવ-સ્વરૂપ એટલે કે જ્ઞાતાદ્રષ્ટાસ્વરૂપ પોતાની ત્રિકાળી ચીજ છે તેને—જેણે જોયેલ–અનુભવેલ છે તે ‘બધા આત્માઓ એવા જ છે’ એમ દેખે છે.

પોતે ચૈતન્ય જ છે એવો અનુભવ થયો—જ્ઞાનમૂર્તિ છે, જ્ઞાનના પ્રકાશનું પૂર છે, એ જ હું છું એમ અનુભવમાં આવ્યું—તે, બધા આત્મા આવા જ છે, ‘સર્વ જીવ છે સિદ્ધ સમ’—એમ દેખે છે. પર્યાયદૃષ્ટિ કાઢી નાખી ને દ્રવ્યદૃષ્ટિ થઈ તે બીજાને પણ દ્રવ્યદૃષ્ટિએ એવા પૂર્ણ ભગવાન જ જુએ છે. પર્યાયનું જ્ઞાન કરે, પણ આદરણીય તરીકે—દૃષ્ટિના આશ્રયરૂપે—તો તેને ત્રિકાળી ધ્રુવ શુદ્ધ દ્રવ્ય જ છે. જેને પર્યાયબુદ્ધિ ગઈ છે તે પર્યાયનો આશ્રય લેતો નથી, ત્રિકાળ શુદ્ધ જ્ઞાયકભગવાનનો આશ્રય લે છે.

અહીંયાં તો કહે છે : પોતે જ શુદ્ધચૈતન્યઘન અસ્તિપણે હતો, તેને જેણે ‘રાગ ને પુણ્ય તે મારાં’ માનીને નાસ્તિપણે માન્યો હતો, પણ હવે ‘રાગ ને પુણ્ય તે હું નહિ, હું તો પૂર્ણ આનંદ છું’ એમ જાણ્યું ને માન્યું તેને અસ્તિપણે પોતાની દૃષ્ટિ થઈ, અને બધા આત્માઓ પણ એવા જ અસ્તિપણે છે એમ તે દેખે છે.

**‘કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી.’**

—વસ્તુદૃષ્ટિએ; પર્યાયથી છે, તે તો જાણવાલાયક છે. અહીં તો આદરવા-લાયક વસ્તુસ્વભાવની વાત છે.

આ વચનામૃત પુસ્તક વાંચીને હાલના મુનિઓ પણ વિચાર કરશે કે, અહા! મુનિપણાનું સ્વરૂપ કેવું સિદ્ધ કર્યું છે! મુનિની અસ્તિથી વાત કરી છેઃ મુનિઓ આવા હોય. ભાઈ! અહીં પક્ષની ક્યાં વાત છે? મુનિઓ તો આત્માના આનંદમાં લીન હોય છે. બહાર આવી જાય તો શ્રુતચિંતવનના વિકલ્પ ઊઠે, પણ પાછા તુરત અંદરમાં ચાલ્યા જાય છે. બહાર આવ્યા–ન આવ્યા ને અંદર જાય છે. એવી મુનિની સ્થિતિ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. અહીંયાં તો હજી ચોથા ગુણસ્થાનથી વાત લીધી છે. મુનિની તો શી વાત કરવી? સાચા સંતોએ—આત્માએ–તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે; સંવર, નિર્જરા ને મોક્ષ—એ પણ તેનો પરમાર્થે વેશ નથી. અહા! આવી વાત છે!

**જ્યમ ધર્મનામક દ્રવ્ય તેમ અધર્મનામક દ્રવ્ય છે;**
**પણ દ્રવ્ય આ છે પૃથ્વી માફક હેતુ થિતિપરિણમિતને. ૮૬. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી. અહીં પાછો 'જ'કાર નાખ્યો છે.

વસ્તુ છે તે રાગદ્વેષવાળી છે જ ક્યાં? અહા! જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ હોય તો એક પ્રભુ આત્મા જ છે. તે વસ્તુ છે ને? વસ્તુ છે તો તેમાં વસ્તુસ્થિતિએ જ્ઞાન આદિ અનંત ગુણ વસે છે. જેમ વસ્તુ ત્રિકાળ છે તેમ તેની શક્તિઓ—સ્વભાવ—ગુણ પણ ત્રિકાળ છે. વસ્તુ—નિજ આત્મા—શુદ્ધ ને પવિત્ર છે તેમ બધા આત્માઓ પણ વસ્તુપણે શુદ્ધ ને પવિત્ર છે.

**'એ ભલેને પોતાને ગમે તેવા માનતા હોય, પણ જેને ચૈતન્ય—આત્મા ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે.'**

શક્તિરૂપ ત્રિકાળી આત્મા એકલો પડ્યો છે—એમ નહિ, પણ વ્યક્તિમાં—સમ્યગ્દર્શનજ્ઞાનરૂપ વ્યક્ત પર્યાયમાં—એનું ભાન થયું છે. સ્વભાવ તો ત્રિકાળ છે, પણ પર્યાયમાં ઊઘડ્યો છે. ચૈતન્ય આત્મા જેને ઊઘડ્યો છે તેને બધું ચૈતન્યમય જ ભાસે છે. ચૈતન્યના પ્રકાશનો પુંજ છે પ્રભુ આત્મા; તેમ બધા આત્મા પણ ચૈતન્યપ્રકાશના પુંજ છે. બીજી ચીજો છે પણ તે તો ભિન્ન તરીકે ફક્ત જ્ઞેય છે, એ તેનું સ્વરૂપ નથી. તેનું સ્વરૂપ તો જ્ઞાનમય—ચૈતન્યમય આત્મા છે.

અહા! આ પુસ્તક તો કુદરતે એવું બહાર આવી ગયું છે કે જે મધ્યસ્થ હશે તેને 'વસ્તુસ્થિતિ તો આ છે' એમ જરા ખ્યાલ આવશે.

ભલે વ્યવહાર વચ્ચે આવે પણ એ બધો હેય છે. ત્યારે વ્યવહારના પક્ષવાળા ટીકા કરે છેઃ શું દેવ-શાસ્ત્ર-ગુરુ હેય છે? તો લોકો તેને હેય માની પૂજા નહિ કરે!

અરે! બાપુ! તેને—એવા શુભભાવને—છોડીને પાપ કર એમ કહેવાનું નથી. ફક્ત એ શુભભાવ ધર્મ નથી, માટે તેની રુચિ છોડ—એમ બતાવવાનું છે. અશુભથી બચવા માટે તે ભાવ આવે ખરા, પણ એ પોતે ધર્મ નથી, ધર્મનું કારણ નથી. ચૈતન્યદૃષ્ટિવંતને જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા ન હોય ત્યાં સુધી વ્યવહાર આવે પણ તે હેય તરીકે જ્ઞેય છે, અને ભગવાન આત્મા ઉપાદેય તરીકે જ્ઞેય છે. એ બેમાં એટલો ફેર છે.

અહા! ચૈતન્યપ્રભુ આત્મા અંદર ઊઘડ્યો તેને બધું ચૈતન્યમય જ ભાસે છે.

*

**ધર્માધરમ હોવાથી લોક-અલોક ને સ્થિતિગતિ બને;**
**તે ઉભય ભિન્ન-અભિન્ન છે ને સકળલોકપ્રમાણ છે. ૮૭. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

# શ્રી નાટક સમયસાર
## પ્રથમ અધિકારનો સાર

આત્મપદાર્થ શુદ્ધ, બુદ્ધ, નિર્વિકલ્પ, દેહાતીત, ચિત્ચમત્કાર, વિજ્ઞાનઘન, આનંદકંદ, પરમદેવ સિદ્ધસમાન છે. જેવો તે અનાદિ છે તેવો અનંત પણ છે અર્થાત્ ન તે ઉત્પન્ન થયો છે અને ન કદી નષ્ટ પણ થશે. જો કે તે પોતાના સ્વરૂપથી સ્વચ્છ છે પરંતુ સંસારી દશામાં જ્યારથી તે છે ત્યારથી અર્થાત્ અનાદિકાળથી શરીરથી સંબદ્ધ છે અને કર્મકાલિમાથી મલિન છે. જેમ સોનું ખાણની અંદર કાદવ રહિત રહે છે પણ ભટ્ટીમાં તપાવાથી શુદ્ધ સોનું જુદું થઈ જાય છે અને કાલિમા જુદી થઈ જાય છે તેવી જ રીતે સમ્યક્તપ—મુખ્યપણે શુક્લધ્યાનની અગ્નિ દ્વારા જીવાત્મા શુદ્ધ થઈ જાય છે અને કર્મકાલિમા જુદી થઈ જાય છે. જેવી રીતે ઝવેરી કાદવવાળા સોનાને ઓળખીને સોનાની કિંમત દે-લે છે તેવી જ રીતે જ્ઞાનીઓ અનિત્ય અને મળથી ભરેલા શરીરમાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદમય પરમાત્માનો અનુભવ કરે છે.

જ્યારે કપડા ઉપર મેલ જામી જાય છે ત્યારે મલિન કહેવાય છે, લોકો તેનાથી ગ્લાનિ કરે છે અને નિરુપયોગી બતાવે છે, પરંતુ વિવેક દૃષ્ટિથી વિચારવામાં આવે તો કપડું પોતાના સ્વરૂપથી સ્વચ્છ છે, સાબુ-પાણીનું નિમિત્ત જોઈએ. બસ! મેલસહિત વસ્ત્રની જેમ કર્દમસહિત આત્માને મલિન કહેવો એ વ્યવહારનયનો વિષય છે અને મેલથી જુદા સ્વચ્છ વસ્ત્રની જેમ આત્માને કર્મકાલિમાથી જુદો જ ગણવો તે નિશ્ચયનયનો વિષય છે. અભિપ્રાય એ છે કે જીવને ખરેખર કર્મકાલિમા લાગતી નથી. કપડાના મેલની જેમ તે શરીર આદિથી બંધાયો છે, ભેદવિજ્ઞાનરૂપ સાબુ અને સમતારસરૂપ જળ દ્વારા તે સ્વચ્છ થઈ શકે છે. તાત્પર્ય એ છે કે જીવને દેહથી ભિન્ન શુદ્ધ-બુદ્ધ જાણનાર નિશ્ચયનય છે અને શરીરથી તન્મય રાગ-દ્વેષ-મોહથી મલિન, કર્મને આધીન કહેવાવાળો વ્યવહારનય છે ત્યાં પ્રથમ અવસ્થામાં આ નયજ્ઞાન દ્વારા જીવની શુદ્ધ અને અશુદ્ધ પરિણતિને સમજીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન થવું એનું જ નામ અનુભવ છે. અનુભવ પ્રાપ્ત થયા પછી નયોનો વિકલ્પ પણ રહેતો નથી તેથી કહેવું પડશે કે નય પ્રથમ અવસ્થામાં સાધક છે અને આત્માનું સ્વરૂપ સમજ્યા પછી નયોનું કામ નથી.

**ધર્માસ્તિ ગમન કરે નહીં, ન કરાવતો પરદ્રવ્યને;**
**જીવ-પુદ્ગલોના ગતિપ્રસાર તણો ઉદાસીન હેતુ છે. ૮૮. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. જીવના ગુણ ચૈતન્ય, જ્ઞાન, દર્શન આદિ છે. દ્રવ્યની હાલતને પર્યાય કહે છે. જીવની પર્યાયો નર, નારક, દેવ, પશુ આદિ છે. ગુણ અને પર્યાયો વિના દ્રવ્ય હોતું નથી અને દ્રવ્ય વિના ગુણ પર્યાય હોતા નથી. તેથી દ્રવ્ય અને ગુણ-પર્યાયોમાં અવ્યતિરિક્ત ભાવ છે. જ્યારે પર્યાયને ગૌણ અને દ્રવ્યને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે ત્યારે નય દ્રવ્યાર્થિક કહેવાય છે અને જ્યારે પર્યાયને મુખ્ય તથા દ્રવ્યને ગૌણ કરીને કથન કરવામાં આવે છે ત્યારે નય પર્યાયાર્થિક કહેવાય છે. દ્રવ્ય સામાન્ય હોય છે અને પર્યાય વિશેષ હોય છે, તેથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના વિષયમાં સામાન્ય-વિશેષનું અંતર રહે છે. જીવનું સ્વરૂપ નિશ્ચયનયથી આવું છે, વ્યવહારનયથી આવું છે, દ્રવ્યાર્થિકનયથી આવું છે, પર્યાયાર્થિકનયથી આવું છે, વ્યવહારનયથી આવું છે, પર્યાયાર્થિકનયથી આવું છે અથવા નયોના ભેદો શુદ્ધ નિશ્ચયનય, અશુદ્ધ નિશ્ચયનય, સદ્ભૂત વ્યવહારનય, અસદ્ભૂત વ્યવહારનય, ઉપચરિત વ્યવહારનનય ઇત્યાદિ વિકલ્પ ચિત્તમાં અનેક તરંગો ઉત્પન્ન કરે છે, એનાથી ચિત્તને વિશ્રામ નથી મળી શકતો, તેથી કહેવું જોઈએ કે નયના કલ્લોલ અનુભવમાં બાધક છે પરંતુ પદાર્થનું યથાર્થ સ્વરૂપ જાણવા અને સ્વભાવ-વિભાવને ઓળખવામાં સહાયક અવશ્ય છે. તેથી નય, નિક્ષેપ અને પ્રમાણથી અથવા જેમ બને તેમ આત્મસ્વરૂપની ઓળખાણ કરીને સદૈવ તેના વિચાર તથા ચિંતવનમાં લાગ્યા રહેવું જોઈએ.

---

(અનુસંધાન પેજ નં. ૭ થી ચાલુ)

અવયવોમાં ખામી નથી, તો લક્ષ્મીમાં ખામી કેમ પડશે? પણ તે વાત મિથ્યા છે.

એ જ પ્રમાણે કોઈ સજ્જન અને પરોપકારી હોય છતાં, લક્ષ્મી તો અધ્રુવ છે. તે ક્ષણમાં ચાલી જશે. હું સજ્જન છું, માટે તે મારી પાસે ધ્રુવ રહે છે—એવો વિચાર મિથ્યા છે.

વળી હું મહાપરાક્રમી છું, તેથી લક્ષ્મીને જવા નહિ દઉં—એમ માને તો તે વિચાર પણ મિથ્યા છે. લક્ષ્મી તો જોતજોતામાં વિલય પામી જાય છે. તે કોઈથી રાખી રહેતી નથી, માટે તેને સ્થિર રાખવાનું અભિમાન છોડ, તારી ધ્રુવ—ચૈતન્ય સંપદા સદા સ્થિર છે, તેને ઓળખીને તેની ભાવના કર. ૧૧. (ક્રમશઃ)

**રે! જેમને ગતિ હોય છે, તેઓ જ વળી સ્થિર થાય છે;**
**તે સર્વ નિજ પરિણામથી જ કરે ગતિસ્થિતિભાવને. ૮૯. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**



# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

(ગતાંકથી ચાલુ)

પૂજ્ય ગુરુદેવે વિશાળ મુમુક્ષુ-સંઘ સહિત બબ્બે વાર કરેલી પૂર્વ, ઉત્તર, દક્ષિણ ને મધ્ય ભારતનાં જૈન તીર્થોની યાત્રા તથા તે દરમ્યાન પૂજ્ય ગુરુદેવના શ્રીમુખથી વહેલાં સત્યતત્ત્વપ્રકાશક પ્રવચનો દ્વારા થયેલી અભૂતપૂર્વ પ્રભાવનાની તો વાત જ શી! ગામેગામ ભવ્ય સ્વાગત, ચોકે ને ચૌટે વધામણાં, હજારોની માનવ-મેદનીની ઠઠ, શ્રદ્ધાભક્તિ વ્યક્ત કરતા અભિનંદન સમારોહ;—જૈનજનતામાં ધર્મોત્સાહનું એવું મોજું ફરી વળતું કે જાણે તીર્થંકરભગવાનનું સમોસરણ આવ્યું હોય! ગુરુદેવની અધ્યાત્મતત્ત્વ સંબંધી ગર્જના સાંભળી વિરોધીઓ કંપી ઊઠતા, હજારો જિજ્ઞાસુઓના હૃદય પ્રભાવિત થઈને નાચી ઊઠતાં. અહા! તીર્થયાત્રા પ્રસંગે થયેલી ધર્મપ્રભાવનાનું આનંદોલ્લાસકારી ચિત્ર નજરે જોનાર મુમુક્ષુઓના સ્મરણપટમાં હજું પણ અંકિત છે.



અહો! તે અભૂતપૂર્વ યાત્રાનું વર્ણન શું થાય! ગુરુદેવ જ્યાં જ્યાં પધારે ત્યાં એવાં ભવ્ય સ્વાગત થતાં કે ત્યાંની ઈતર જનતા પણ આશ્ચર્યમગ્ન થઈ જતી અને પ્રમોદમાં બોલી ઉઠતી કે—અહા! આ સંતપુરુષ કોણ છે? અમારી નગરીમાં આવું ભવ્ય અને વિશાળ સ્વાગત જોયું નથી. ઇંદોરમાં થયેલું અસાધારણ ભવ્ય સ્વાગત તો વિશિષ્ટરૂપે

> **જે લોકમાં જીવ-પુદ્‌ગલોને, શેષ દ્રવ્ય સમસ્તને**
> **અવકાશ દે છે પૂર્ણ, તે આકાશનામક દ્રવ્ય છે. ૯૦. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

અવિસ્મરણીય છે. પૂજ્ય ગુરુદેવની મંગલ પધારમણીથી સર શ્રી હુકમચંદજી શેઠ તો અત્યંત આનંદિત થયા હતા અને અતિ આનંદવિભોર થઈને, હાથી તેમ જ તેમનો સોના-મખમલનો બધોય કિંમતી સાજ પૂજ્ય ગુરુદેવશ્રીની સ્વાગતયાત્રાની વિશિષ્ટ શોભા અર્થે કાઢવાની માણસોને આજ્ઞા કરી હતી. ઈન્દોરમાં ચાલેલાં પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનો પણ કોઈ અદ્‌ભુત હતાં. પંડિતો, ત્યાગીઓ અને સમાજ ખૂબ જ પ્રભાવિત થયા હતા.

સં. ૨૦૧૩, ફાગણ સુદ સાતમના દિને પૂજ્ય ગુરુદેવે લગભગ બે હજાર ભક્તો સહિત શ્રી સમ્મેદશિખરની, જીવનમાં પહેલી વાર, યાત્રા કરી. (બીજી વાર સં. ૨૦૨૩માં કરી). અહા ! પહેલી ટૂંકે—શ્રી કુંથુનાથ ભગવાનની ટૂંકે—પૂજ્ય ગુરુદેવે સમ્મેદશિખર તીર્થનો, ત્યાંથી મોક્ષ પામેલા તીર્થંકરો તેમજ સામાન્ય કેવળીઓનો, સમ્મેદશિખરની નિર્વાણધામ તરીકે શાશ્વતતાનો તથા તીર્થની યાત્રાનો અધ્યાત્મસાધના સાથે સુસંગત જે અદ્‌ભુત મહિમા બતાવ્યો હતો તે મધુરા પ્રસંગનું સુસ્મરણ આજે પણ ભક્તોને આનંદિત કરે છે. મધુવનમાં પાંચેક હજાર શ્રોતાની સભામાં જે અદ્‌ભુત પ્રવચનધારા વહેતી તેનાથી વિદ્વાનો તથા ત્યાગીઓ પણ પ્રભાવિત થતા હતા. ઈન્દોરના પંડિત શ્રી બંશીધરજી ન્યાયાચાર્યે ભાવભીનું ભાષણ કરીને હિંમતપૂર્વક ગદ્‌ગદભાવથી સમાજમાં સ્પષ્ટ કહ્યું કે—અનંત ચોવીશીના તીર્થંકરો અને આચાર્યોએ સત્ય દિગંબર જૈનધર્મને અર્થાત્ મોક્ષમાર્ગને પ્રગટ કરનારો જે સંદેશ સંભળાવ્યો હતો તે જ આ કાનજીસ્વામીની વાણીમાં આપણા સાંભળવામાં આવી રહ્યો છે.

સં. ૨૦૧૫માં લગભગ સાતસો ભક્તો સાથે ગુરુદેવે દક્ષિણ ભારતનાં તીર્થોની યાત્રા માટે મંગળ પ્રસ્થાન કર્યું. કુંદાદ્રિ, રત્નપ્રતિમાઓનું ધામ મૂડબિદ્રિ, વિશ્વવિખ્યાત બાહુબલીધામ—શ્રવણબેલગોલા, કુંદકુંદાચાર્યદેવની તપોભૂમિ પોન્નુર વગેરે દક્ષિણ ભારતનાં તથા મધ્ય ભારતનાં અનેક તીર્થધામોની ખૂબ



જીવ-પુદ્‌ગલાદિક શેષ દ્રવ્ય અનન્ય જાણો લોકથી;
નભ અંતશૂન્ય અનન્ય તેમ જ અન્ય છે એ લોકથી. ૯૧. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

આનંદપૂર્વક મંગળ યાત્રા કરી. પ્રવાસમાં વચ્ચે આવેલાં અનેક નાનાં-મોટાં નગરોમાં અધ્યાત્મવિદ્યાનો મેઘ વરસાવ્યો. ગામે ગામ ભવ્ય સ્વાગત ને અભિનંદન-સમારોહ થયાં. પૂજ્ય ગુરુદેવની દક્ષિણ ભારતમાં પધરામણીથી ત્યાંનો સમાજ ખૂબ જ આનંદિત થયો હતો અને ઉલ્લાસ વ્યક્ત કરતાં લોકો કહેતા હતા કે—જેમ ભદ્રબાહુસ્વામી હજારો શિષ્યો સહિત ઉત્તરભારતમાંથી પધાર્યા હતા તેમ અહા ! શ્રી કાનજીસ્વામી હજારો ભક્તો સહિત, પશ્ચિમ ભારતમાંથી દક્ષિણ ભારતમાં પધાર્યા અને ધર્મનો મહાન ઉદ્યોત કર્યો. (વિ.સં. ૨૦૨૦માં દક્ષિણ ભારતની બીજી વાર યાત્રા કરી હતી.)

અધ્યાત્મમૂર્તિ સ્વાનુભૂતિસંપન્ન પવિત્રાત્મા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રભાવના-ગગનના ધર્મોદ્યોતકારી પ્રસંગ-તારલાઓ ગણ્યા ગણાય ને વીણ્યા વિણાય એમ નથી. એક ઘટના યાદ કરો ને બીજી ભૂલો—એવી અનેક અદ્‌ભુત શાસનપ્રભાવનાપૂર્ણ ઘટનાઓથી ગુરુદેવનું જીવન વિભૂષિત છે. સોનગઢમાં ગુરુદેવશ્રીના પાવન સત્સમાગમ તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર છાયામાં અધ્યાત્મતત્ત્વાભ્યાસપૂર્વક જીવન જીવવા અર્થે ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અંગીકાર કરીને રહેલાં કુમારિકા બ્રહ્મચારિણી બહેનો માટે ‘શ્રી ગોગીદેવી દિગંબર જૈન શ્રાવિકાબ્રહ્મચર્યાશ્રમ’ સ્થપાયો; આરસનિર્મિત ગગનચુંબી ભવ્ય માનસ્તંભ, શ્રી મહાવીર ભગવાનના વિશાળ ભવ્ય જિનબિંબયુક્ત તેમજ સમયસાર વગેરે પરમાગમોની સુંદર કોતરણીથી અત્યંત સુશોભિત અનુપમ અને અદ્‌ભુત ‘શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિર’ વગેરેનાં નિર્માણકાર્ય થયાં તથા તેમના પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવાયા; સૌરાષ્ટ્ર, ગુજરાત અને હિન્દીભાષી પ્રદેશોમાં અનેક શહેરો અને ગામો વિષે મુમુક્ષુમંડળો સ્થપાયાં, દિગંબર જિનમંદિરો તથા સમવસરણ વગેરે રચાયાં અને તેની ભવ્ય પ્રતિષ્ઠાઓ થઈ; તથા વિદેશ (નાઈરોબી) પ્રવાસ અને ત્યાં દિગંબર જિનમંદિરની ભવ્ય પ્રતિષ્ઠા તેમજ અધ્યાત્મતત્ત્વોપદેશ દ્વારા સનાતન સત્ય જૈનધર્મનો પ્રચાર થયો.—એ રીતે પૂજ્ય ગુરુદેવના પાવન પ્રભાવના-ઉદયમાં વિવિધરંગી ધર્મોદ્યોત થયો. અહો ! પૂજ્ય ગુરુદેવ દ્વારા થયેલા ધર્મપ્રભાવનાના તે પવિત્ર પ્રસંગોનાં સંસ્મરણો આજે પણ ભક્તોનાં તનને રોમાંચિત તથા મનને પ્રફુલ્લિત કરે છે ! ખરેખર પૂજ્ય ગુરુદેવે આ યુગમાં એક પ્રભાવક આચાર્ય જેવું અદ્‌ભુત ને અનુપમ કાર્ય કર્યું છે. (ક્રમશઃ)

❊

**અવકાશદાયક આભ ગતિ-થિતિહેતુતા પણ જો ધરે,**
**તો ઊર્ધ્વગતિપરધાન સિદ્ધો કેમ તેમાં સ્થિતિ લહે? ૯૨. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—મુનિને આહારની વૃત્તિ ઊઠે છે છતાં મુનિદશા રહે છે, તેમ મુનિને વસ્ત્ર રાખવાની વૃત્તિ ઊઠે તો તેમાં શું દોષ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મુનિને આહારની વૃત્તિ ઊઠે છે તે સંયમના હેતુથી શરીરના નિભાવ માટે છે અને વસ્ત્ર રાખવાનો ભાવ છે તે શરીરનું મમત્વ બતાવે છે તેથી વસ્ત્ર રાખવાની વૃત્તિથી મુનિદશા રહેતી નથી.

શ્રોતા :—દ્રવ્યલિંગી શુદ્ધાત્માનું ચિંતવન નહિ કરતો હોય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શુદ્ધાત્માનું ચિંતવન તો કરે પણ આત્મમય થઈને કરતો નથી.

શ્રોતા :—દ્રવ્યલિંગી ક્રિયા કેટલી આકરી કરે, શાસ્ત્રના ભણતર પણ કેટલા હોય છે છતાં એનું બધું સ્થૂળતામાં નાખી દેવાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્યલિંગીએ ક્ષયોપશમની ધારણાથી ને બાહ્ય ત્યાગથી બધું કર્યું છે. એમ તો એને બાહ્યથી વૈરાગ્ય પણ ઘણો દેખાય. હજારો રાણી, રાજપાટ છોડ્યા હોય છે પણ એ એનો વૈરાગ્ય સાચો નથી. પુણ્ય-પાપના પરિણામથી અંદર વિરક્ત થયો નથી. સ્વભાવ મહાપ્રભુ છે, અનંતાનંત ગુણોનો દરિયો આનદંથી ભર્યો છે, એનો અંદરથી મહિમા આવ્યો નથી.

શ્રોતા :—દ્રવ્યલિંગીને શુભમાં રુચિ છે કે અશુભમાં પણ છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્યલિંગીને શુભમાં રુચિ છે.

શ્રોતા :—કાયા અને કષાયમાં એકત્વ છે તેનો ખ્યાલ તેને આવે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—તેને ખ્યાલ આવતો નથી.

શ્રોતા :—તો ધારણાજ્ઞાન પણ તેને સાચું ન થયું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—તત્ત્વના જાણપણાનું ધારણાજ્ઞાન તો બરાબર છે પણ પોતે ક્યાં અટકે છે તે પકડાતું નથી. કષાયની ઘણી મંદતા છે તેમાં સ્વાનુભવ માને છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

✻ શ્રોતા :—અંદરમાં એમ છે કે બસ ગમે તેમ કરીને—મરીને પણ—આ જ કરી લેવું, બીજું કાંઈ કરવું નથી.

પૂજ્ય બહેનશ્રી :—ભાવના આવે છે પણ તે કાર્યમાં મુકાય નહિ ત્યાં સુધી કાંઈ ન થાય. તે એમ કહે કે ગમે તેમ કરીને પણ કરવું છે, પરંતુ કાર્યમાં મૂકતો નથી, તો કેમ થાય ?

✻ શ્રોતા :—આ કરવું જ છે તેવી ભાવના દૃઢ છે; પણ પુરુષાર્થમાં પહોંચાતું નથી ?

પૂજ્ય બહેનશ્રી :—જેણે એમ નક્કી કર્યું છે કે આ પ્રગટ કરવું જ છે તેનો પુરુષાર્થ પહોંચ્યા વગર રહેવાનો નથી. તેને કાળ લાગે તો પણ ગ્રહણ કર્યા વગર રહેવાનો નથી. જેને અંતરમાંથી લાગી છે કે આ ગ્રહણ કરવું જ છે, આ પ્રગટ કરવું જ છે, તો તેને ધીમો-ધીમો પણ પુરુષાર્થ ઊપડે છે. જેને અંતરમાંથી લાગી છે કે બીજું નથી જ જોઈતું અને આ જ જોઈએ છે, તો કાળ લાગે તો પણ પ્રગટ કર્યા વગર રહેવાનો નથી. પોતે જ છે, બીજો નથી. માટે પોતાને લાગી છે તો તે પહોંચવાનો જ છે. કાળ લાગે તો પણ અંતરની રુચિ પ્રગટ થાય તે પહોંચ્યા વગર રહે જ નહિ. ભલે કાળ લાગે; પણ અંતરમાં જેને લગની લાગી તે પહોંચ્યા વગર રહેવાનો નથી.

✻ શ્રોતા :—પૂજ્ય ગુરુદેવ અને આપે ઘણા ખુલાસા કરવા છતાં હજુ સુધી પુરુષાર્થ ઊપડતો નથી એનું દુઃખ અને શરમ થાય છે અને એમ પણ થાય છે કે ક્યાં સુધી પ્રશ્નો કર્યા કરવા ?

પૂજ્ય બહેનશ્રી :—ગુરુદેવે તૈયાર કરીને બધું આપ્યું છે. ક્યાંય ગોતવાનું કે મેળવવાનું બાકી રહેતું નથી. પોતાને એક પુરુષાર્થ જ કરવાનો બાકી રહે છે. જગતના બીજા જીવોને સત્ શોધવાની મુશ્કેલી પડે છે કે શું સત્ છે ? શું આત્મા છે ? આત્માનું સુખ ક્યાં છે ? એમ સત્ શોધવું મુશ્કેલ પડે છે. પણ ગુરુદેવે ગોતીને, તૈયાર કરીને, સ્પષ્ટ કરી કરીને આપ્યું છે.

બહાર ક્રિયામાં દૃષ્ટિ હતી તે છોડાવીને અંદરમાં વિભાવભાવ તારો સ્વભાવ

નથી, સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને ઊંચામાં ઊંચો શુભભાવ હોય તે પણ તારો સ્વભાવ નથી, તું ભેદમાં રોકાય તે પણ તારું મૂળ શાશ્વત સ્વરૂપ નહિ એમ ગુરુદેવે અંદરમાં દૃષ્ટિ એકદમ ઊંડી જાય એટલું ચોખ્ખું કરીને, ક્યાંય ગોતવું ન પડે કે શોધવું પડે નહિ એ રીતે બતાવ્યું છે. જગતના દરેક જીવોને સત્ સાંભળવા મળતું નથી તેથી કોઈ ક્યાંય ફસાઈ જાય છે, કોઈ ક્યાંય ફસાઈ જાય છે. તારે તો ગોતવા જવું પડે એમ નથી. એક પુરુષાર્થ જ કરવાનો બાકી રહે છે. ગુરુદેવે બધું તૈયાર કરીને આપ્યું છે.

## Adhyatma Yug Srustha Pujya GurudevShree 125th Janma Jayanti celebration In USA

**JAIN SWADHYAY MANDIR SONGADH (USA)** is celebrating above event in a grand way at Tampa, Florida, USA from May 23 to 26, 2014. Venue is **SHERATON SUITES** Tampa Airport West Shore, Tampa, Florida (Five Star Hotel).

Many Mumukshus are arriving from India to participate. Large number of Sadharmi brothers and sisters in North America will attend. This will be an unique event. Eminent Scholars from India and USA will conduct the Adhyatmic Seminar May 23 t0 26, 2014.

All Mumukshus in India are cordially invited to join this celebration. If you need any further information, please contact us.

Hasmukh M. Shah

President: jain Swadhyay Mandir Songadh (USA)

Email : Hasmukh33@yahoo.com

www.atmadarshan.org

Cell: 727-534-5168

## પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૫મા જન્મ-જયંતી મહોત્સવની મંગલ પત્રિકાની લેખનવિધિ

તા. ૨૫-૩-૨૦૧૪, મંગળવારના રોજ શ્રી ચૌસઠ ઋદ્ધિ વિધાન પૂજન બાદ સર્વ મુમુક્ષુઓ મંગલ-દર્શન સોસાયટી સ્થળે પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૨૫મા જન્મ-મહોત્સવની પત્રિકા લેવા માટે ગયા. ત્યાંથી વાજતે-ગાજતે ભવ્ય પત્રિકાને લઈને સર્વે મુમુક્ષુઓ મંડપમાં પધાર્યા. મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન બાદ આકર્ષક પત્રિકાનું વાંચન મંગલ-દર્શન મુમુક્ષુવૃંદ વતી ડૉ. ઉપેન્દ્રભાઈ કોઠારી દ્વારા ખૂબ જ રોચક શૈલી દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ મંગલ-દર્શન સોસાયટીના મુમુક્ષુવૃંદ, સ્થાયી પુસ્કર્તાઓ, ટ્રસ્ટીઓ તથા મુમુક્ષુઓ દ્વારા પત્રિકા-લેખનની મંગલ વિધિ કરવામાં આવી. આ પત્રિકા એટલી સુંદર બની હતી કે જે મુમુક્ષુઓમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. પત્રિકાના સૌજન્યનો લાભ શ્રી કાંતીલાલ અમીચંદ કામદાર હસ્તે ભરતભાઈ તથા અશ્વિનભાઈને મળેલ હતો.

## બાળ વિભાગ

# વિષ્ણુકુમાર




અવન્તી દેશમાં ઉજ્જયિનીમાં શ્રીવર્મા રાજા હતો. તેને બલિ, બૃહસ્પતિ, પ્રહ્લાદ અને નમુચિ એ ચાર મંત્રીઓ હતા. ત્યાં એક દિવસ સમસ્ત શ્રુતના ધારી દિવ્યજ્ઞાની અકમ્પનાચાર્ય સાતસો મુનિઓ સહિત આવીને બગીચામાં રહ્યા.

''રાજાદિ પણ આવે તોપણ કોઈની સાથે બોલવું નહિ, નહિ તો સમસ્ત સંઘનો નાશ થશે.'' એમ સઘળા સંઘને તેઓએ મનાઈ કરી.

ધવલગૃહમાં રહેલા રાજાએ, હાથમાં પૂજાની સામગ્રી લઈને નગરના લોકોને જતા જોઈને મંત્રીઓને પૂછ્યું : ''આ લોકો અકાલયાત્રાએ ક્યાં જાય છે?''

તેમણે કહ્યું : ''બહાર બગીચામાં બહુ મુનિઓ આવ્યા છે ત્યાં આ લોકો જાય છે.''

''આપણે પણ તેમનાં દર્શન કરવા જઈએ,'' એમ કહી રાજા પણ મંત્રીઓ સાથે ત્યાં ગયો. એક એક કરી સર્વેને વંદના કરી, પણ કોઈએ આશીર્વાદ આપ્યો નહિ.

''દિવ્ય અનુષ્ઠાનને લીધે તેઓ અતિ નિઃસ્પૃહ છે'' એમ માની જ્યારે રાજા પાછો ફર્યો, ત્યારે દુષ્ટ અભિપ્રાયવાળા મંત્રીઓએ ઉપહાસ (મશ્કરી) કરી કહ્યું કે—

''એ મૂર્ખ બળદો કાંઈ જાણતા નથી, દંભથી મૌન ધરીને બેઠા છે.''

આમ બોલતા બોલતા જતાં તેઓએ શ્રુતસાગર મુનિને ચર્યા કરીને આવતા જોઈને જ કહ્યું :

''આ તરુણ બળદ પૂરી રીતે પેટ ભરીને આવે છે.'' આ સાંભળીને તેમણે (મુનિએ) રાજાની સામે અનેકાન્તવાદથી તેમને (મંત્રીઓને) જીતી લીધા, અને આવીને તેમણે અકમ્પનાચાર્યને વાત કહી.

**ભાખી જિનોએ લોકના અગ્રે સ્થિતિ સિદ્ધો તણી,**
**તે કારણે જાણો—ગતિસ્થિતિ આભમાં હોતી નથી. ૯૩. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

અકમ્પનાચાર્યે કહ્યું : ''તમે સર્વ સંઘને મારી નાખ્યો. (હવે) જો વાદના સ્થળે જઈને રાત્રે તમે એકલા રહો તો સંઘ જીવશે અને તમારી શુદ્ધિ પણ થશે.''

તેથી તેઓ ત્યાં જઈને કાયોત્સર્ગથી ઊભા રહ્યા. અતિ લજ્જિત થયેલા, ક્રોધે ભરાયેલા અને તેથી રાત્રે સંઘને મારવા જતા તે મંત્રીઓએ તે જ એકલા મુનિને જોઈને 'જેણે આપણો પરાભવ કર્યો છે તેને હણવો જ જોઈએ,'' એમ વિચારીને તેનો વધ કરવા માટે એકીસાથે તે ચારેયે હાથ ઉગામ્યા. કંપિત થયેલા નગરદેવતાએ તેમને તેવા જ (તેવી જ સ્થિતિમાં) સ્તંભિત કર્યા. સવારે બધા માણસોએ તેમને તેવી જ સ્થિતિમાં (સ્તંભિત) જોયા. ક્રોધે ભરાયેલા રાજાએ 'ક્રમે (વંશપરંપરાએ) આવેલા છે' એમ જાણી તેઓને માર્યા નહિ, પણ ગધેડા ઉપર બેસાડીને તેમને દેશ બહાર કાઢી મૂક્યા.

પછી કુરુજાંગલ દેશમાં હસ્તિનાપુરમાં મહાપદ્મ રાજા અને રાણી લક્ષ્મીવતી હતાં. તેમને પદ્મ અને વિષ્ણુ નામને બે પુત્રો હતા. એક દિવસ મહાપદ્મ રાજા પદ્મને રાજ્ય આપી વિષ્ણુ સાથે શ્રુતસાગરચંદ્ર આચાર્યની સમીપમાં મુનિ થયો અને ત્યારે તે બલિ આદિ આવીને પદ્મરાજના મંત્રીઓ થયા.

તે વખતે કુંતાપુર દુર્ગમાં સિંહબલ રાજા દુર્ગના (કિલ્લાના) બળથી પદ્મમંડળને ઉપદ્રવ કરતો હતો. તેને પકડવાની ચિંતાથી દુર્બળ થયેલા રાજાને જોઈને બલિએ કહ્યું :

''દેવ ! દુર્બળતાનું શું કારણ છે ?''

રાજાએ જે કહ્યું તે સાંભળીને, આજ્ઞા માગીને તે (બલિ) ત્યાં ગયો અને પોતાની બુદ્ધિના પ્રભાવે દુર્ગને તોડીને સિંહબલને પકડીને પાછો આવ્યો અને પદ્મને સોંપીને કહ્યું :

''દેવ ! એ આ સિંહબલ.''

સંતુષ્ટ થઈને તેણે (રાજાએ) કહ્યું : ''તમે વાંછિત વર માગો.''

બલિએ કહ્યું : ''જ્યારે માંગુ ત્યારે આપજો.''

પછી થોડા દિવસોમાં વિહાર કરતા કરતા તે અકમ્પનાચાર્ય આદિ સાતસો મુનિઓ ત્યાં આવ્યા. શહેરમાં આનંદમય ખળભળાટ થવાથી બલિ આદિએ તેમને ઓળખ્યા. 'રાજા તેમનો ભક્ત છે' એમ વિચારીને ભયને લીધે તેમને મારવા માટે પદ્મ પાસે પૂર્વનું વરદાન માગ્યું કે ''સાત દિવસ સુધી અમને રાજ્ય આપો.'' પછી તે (રાજા પદ્મ) સાત દિવસ માટે રાજ્ય આપીને (પોતાના) અંતઃપુરમાં જઈને રહ્યો.

અહીં બલિએ આતપન પર્વત ઉપર કાયોત્સર્ગથી ઊભેલા મુનિઓને વાડથી ઘેરી મંડપ બનાવી યજ્ઞ કરવો શરૂ કર્યો. એઠાં વાસણ, બકરાં આદિ જીવોનાં શરીરો અને

આત્મા અને આકાશ, ધર્મ, અધર્મ, કાળ અમૂર્ત છે,
છે મૂર્ત પુદ્ગલદ્રવ્ય; તેમાં જીવ છે ચેતન ખરે. ૯૭. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ

ધૂમાડાથી મુનિઓને મારવા માટે ઉપસર્ગ કર્યો. મુનિઓ બે પ્રકારનો સંન્યાસ કરીને ઊભા રહ્યા.

પછી મિથિલા નગરીમાં અર્ધરાત્રે બહાર નીકળેલા શ્રુતસાગરચંદ્રાચાર્યે આકાશમાં શ્રવણ નક્ષત્રને કંપાયમાન જોઈને અવધિજ્ઞાનથી જાણીને કહ્યું : ''મહામુનિઓને મોટો ઉપસર્ગ થઈ રહ્યો છે.'' તે સાંભળી પુષ્પધર નામના વિદ્યાધર ક્ષુલ્લકે પૂછ્યું : ''ભગવન્ ! ક્યાં ક્યા ક્યા મુનિઓને મોટો ઉપસર્ગ થઈ રહ્યો છે ?''

તેમણે કહ્યું : ''હસ્તિનાપુરમાં અકંપનાચાર્યાદિ સાતસો મુનિઓને ઉપસર્ગ છે.''

''તે કેવી રીતે નાશ પામે ?'' એમ ક્ષુલ્લક દ્વારા પૂછવામાં આવતાં તેમણે કહ્યું :

''ધરણિભૂષણ પર્વત ઉપર વિષ્ણુકુમાર મુનિ છે. તેમને વિક્રિયા ઋદ્ધિ પ્રાપ્ત થઈ છે. તેઓ (આ ઉપસર્ગને) દૂર કરી શકે.''

એ સાંભળીને તેમની પાસે જઈ ક્ષુલ્લકે મુનિ શ્રી વિષ્ણુકુમારને સર્વ વૃત્તાન્ત કહ્યું. ત્યારે તેમણે કહ્યું કે : ''શું મને વિક્રિયા ઋદ્ધિ પ્રાપ્ત થઈ છે ?''

એમ વિચારી તેની પરીક્ષા કરવા માટે પોતાનો હાથ લંબાવ્યો, તે (હાથ) પર્વત ભેદીને દૂર ગયો. પછી તેનો નિર્ણય કરી, ત્યાં જઈ પદ્મરાજને તેણે કહ્યું : ''તમે મુનિઓને કેમ ઉપસર્ગ કરાવ્યો ? આપના કુળમાં કોઈએ એવું કદી કર્યું નથી.''

તેણે (રાજાએ) કહ્યું : ''હું શું કરું ? પૂર્વે મેં વરદાન આપ્યું હતું.''

પછી વિષ્ણુકુમારે વામન (ઠીંગણા) બ્રાહ્મણનું રૂપ બનાવીને દિવ્યધ્વનિથી (ઉત્તમ શબ્દો દ્વારા) વેદ મંત્રોનું ઉચ્ચારણ શરૂ કર્યું. બલિએ કહ્યું ''તમને શું આપું ?''

તેણે કહ્યું : ''ભૂમિનાં ત્રણ પગલાં આપો.''

''હે ગ્રહિલ (જક્કી) બ્રાહ્મણ ! બીજું બધું માગ.'' એમ વારંવાર લોકોએ તેને કહ્યું છતાં તેણે એટલું જ માગ્યું. પછી હાથમાં પાણી લઈ વિધિપૂર્વક જમીનનાં ત્રણ પગલાં આપ્યાં.

તેણે એક પગલું મેરુ પર્વત ઉપર મૂક્યું અને બીજું પગલું માનુષોત્તર પર્વત પર મૂક્યું અને ત્રીજા પગલાંથી દેવોના વિમાનો આદિમાં ક્ષોભ (ખળભળાટ) કરીને બલિને પીઠ પર તે પગલું દઈને બલિને બાંધીને મુનિઓનો ઉપસર્ગ નિવાર્યો.

પછી તે ચારે મંત્રીઓ પદ્મના ભયથી આવીને વિષ્ણુકુમાર મુનિ અને અકમ્પનાચાર્ય આદિના પગે પડ્યા અને શ્રાવક બન્યા.

**પરિણામભવ છે કાળ, કાળપદાર્થભવ પરિણામ છે;**
**–આ છે સ્વભાવો ઉભયના; ક્ષણભંગી ને ધ્રુવ કાળ છે. ૧૦૦. —શ્રી પંચાસ્તિકાયસંગ્રહ**

## મંગલ-દર્શન સોસાયટી, સોનગઢના મુમુક્ષુવૃંદ તથા સમ્યક્ત્વજયંતી મહોત્સવના સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા

## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસસહ સંપન્ન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૨મો

# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

ધન્ય! સમ્યક્ત્વમાર્ગદાતા પૂજ્ય ગુરુદેવશ્રી, ધન્ય! સમ્યક્ત્વવિભૂષિત ભગવતીમાતા, ધન્ય! ફાગણ વદ ૧૦.

અહો! ભવોદધિ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શાસનના અનોખા રત્ન, તેઓના સદુપદેશથી ભવાંતકારી સ્વાનુભૂતિયુક્ત સમ્યક્ત્વને પ્રાપ્ત કરનાર—પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો સમ્યક્ત્વ પ્રાપ્તિનો મહોત્સવ સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી ઘણા વર્ષોથી ઉજવાય છે. આ વર્ષે ૮૨મો સમ્યક્ત્વ-જયંતી મહોત્સવ વિશેષ આનંદ ઉલ્લાસ સહ ઊજવવામાં આવ્યો હતો.

### ✻ પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ ✻

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૨-૩-૨૦૧૪ થી તા. ૨૬-૩-૨૦૧૪ સુધી પંચદિવસીય ભવ્ય સમારોહપૂર્વક, મંગલદર્શન સોસાયટીના મુમુક્ષુવૃંદ તથા મહોત્સવના સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા, અનેક વિશેષતાઓ સહ અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ભાગ લેવા માટે દેશ-વિદેશના લગભગ ૧૨૦૦ મુમુક્ષુઓ સુવર્ણપુરીમાં એકત્ર થયા હતા. આ ઉત્સવાર્થે સ્વાધ્યાયમંદિરના પાછળના ભાગમાં મંડપ બાંધવામાં આવ્યો હતો. મંડપને સમ્યક્ત્વમહિમાસૂચક કથનો તથા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના નિજાત્મ-કલ્યાણકારી વચનોના રંગબેરંગી બેનરોથી સુશોભિત કરવામાં આવ્યો હતો. આયોજકો તરફથી ''શ્રી ચૌસઠ ૠદ્ધિ મંડલ વિધાન''નું માંડલું અત્યંત સુંદરરૂપે બનાવવામાં આવ્યું હતું.

### ✻ ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ✻

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી ચૌસઠ ૠદ્ધિ મંડલ વિધાન, વિવિધ બેનરોથી શોભિત વિશાળ મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર ઉપર CD પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે સાંજી-ભક્તિ રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું બહેનશ્રીનાં વચનામૃત ઉપર પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો. બધા કાર્યક્રમોમાં

કાર્યક્રમ-સ્થળ (મંદિર તથા મંડપ) ભરચક થઈ જતાં હતાં.

ઉત્સવના દિવસોમાં બધા મંદિરો વિશિષ્ટરૂપે સજાવવામાં આવ્યાં હતાં. આયોજક મંગલ-દર્શન સોસાયટી તરફથી ઉત્સવના ચારે દિવસ સાંજી-ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આયોજક મંગલ-દર્શન સોસાયટી, સોનગઢ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો (૧) મંગલાચરણ, ધર્મની શોભા, તે ગુરુ મેરે મન બસો (૨) પૂજ્ય બહેનશ્રી જીવન બાબત ચર્ચા (અ) બહેનોનો સંવાદ (બ) મા-બેટાનો સંવાદ (૩) તીર્થંકર મલ્લિનાથનો વૈરાગ્ય (નાટિકા) (૪) દેવ-પરિષદ (નાટિકા) રજૂ કરવામાં આવ્યા હતા. આ બધા જ સાંસ્કૃતિક કાર્યક્રમો મુમુક્ષુઓને અત્યંત પ્રિય અને રોચક લાગ્યા હતા. તદ્ ઉપરાંત શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા તૈયાર કરાયેલ 'તે ગુરુ મેરે મન બસો' તથા 'આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં'ની વિડિયો સીડી દર્શાવવામાં આવી હતી, જે મુમુક્ષુઓને ખૂબ જ પસંદ આવી હતી.

## * પૂજ્ય બહેનશ્રીની વધાઈ *

તા. ૨૬-૩-૧૪ને બુધવારના મહા પવિત્ર દિવસે ભવ્ય મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભજન મંડળીના મધુર ભક્તિગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ) ઉપસ્થિત હતા, બપોરના શાસ્ત્ર પ્રવચનમાં શ્રી શૈલેષભાઈ ગાંધી (રાજકોટ) (૨) નીતિનભાઈ શેઠ (વાંકાનેર), (૩) શ્રી નિરંજનભાઈ ડેલીવાળા (સુરત), (૪) શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ) તથા (૫) શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) દ્વારા અત્યંત ભક્તિભાવથી ભરપૂર શાસ્ત્ર–સ્વાધ્યાય કરાવવામાં આવ્યો હતો. તથા ધાર્મિક શિક્ષણવર્ગમાં ડૉ. પ્રવીણભાઈ દોશી (રાજકોટ), શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) તથા શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) દ્વારા ગુરુ મહિમાપૂર્ણ સુંદર શૈલીથી અધ્યાપન કરાવવામાં આવ્યું હતું.

આ મહોત્સવ પર કાયમી મંડલવિધાનપૂજા ૭૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૧,૫૪,૮૮૧=૦૦ ની ઉપજ થઈ હતી.

| | | |
|---|---|---|
| ૧. ૮૨ના અંકમાં ૮૨ × ૧૩૭૬ | = | ૧,૧૨,૮૩૨.૦૦ |
| ૨. પ્રાસંગિક વિધાનપૂજા ૧૦૦૧× ૧ | = | ૧,૦૦૧.૦૦ |
| ૩. જિનેન્દ્ર આરતીમાં | = | ૩,૬૩૭.૦૦ |
| ૪. વધાઈના સ્ટેજ પર | = | ૩૭,૪૪૧.૦૦ |
| કુલ | = | ૧,૫૪,૮૮૧.૦૦ |

આ મહોત્સવમાં આયોજક મંગલ-દર્શન સોસાયટી મુમુક્ષુવૃંદ, તથા સૌજન્યકર્તા મુમુક્ષુ દ્વારા, મુમુક્ષુઓ માટે ભોજન તથા નિવાસની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

❑ ❑ ❑

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિયમસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી છઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

### * પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ :

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પચ્ચીસમી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૧૩-૫-૨૦૧૪ મંગળવારથી તા. ૧૭-૫-૨૦૧૪ શનિવાર (વૈશાખ વદ ૩) સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાનપૂજા તથા તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

### * સમવસરણ મંદિરનો ૭૩મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ :

વૈશાખ વદ ૬, મંગળવાર, તા. ૨૦-૫-૨૦૧૪ના રોજ સોનગઢના સમવસરણ મંદિરનો ૭૩મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમ સાથે મનાવવામાં આવશે.

### * સ્વાધ્યાય-મંદિરના ઉદ્ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૭મો વાર્ષિક દિવસ :

તા. ૨૧-૫-૨૦૧૪, વૈશાખ વદ ૮, બુધવારના દિવસે સોનગઢના સ્વાધ્યાય-મંદિરના ઉદ્ઘાટનનો તેમ જ તેમાં પરમાગમ શ્રી સમયસારની સ્થાપનાનો ૭૭મો વાર્ષિક દિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

### * શ્રુતપંચમી પર્વ *

જેઠ સુદ ૫ તા. ૨-૬-૨૦૧૪ને સોમવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

# વૈરાગ્ય સમાચાર :–

ધીરજબેન મહાસુખલાલ ખંધાર (વર્ષ-૯૦) ચોટીલા મુકામે તા. ૧૬-૧-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ જસદણ) શ્રી કિશોરભાઈ હિંમતલાલ શાહ (વર્ષ-૬૦) તા. ૧૭-૧-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદનિવાસી ચંપકલાલ ડાહ્યાલાલ ખંધાર (વર્ષ-૮૮) તા. ૨૩-૧-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જબલપુરનિવાસી કુમુદબેન ધર્મકુમારજી જૈન(વર્ષ-૭૭)નો તા. ૩૦-૧-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી શ્રી પ્રફૂલ્લચંદ્ર કાનજીભાઈ વસા (વર્ષ-૮૧) તા. ૧૩-૨-૧૪ના રોજ જામનગર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ જામનગર મંદિરના ટ્રસ્ટી હતા. તેઓ સોનગઢ દરેક પ્રસંગમાં નિયમિત હાજરી આપતા હતા.

બોટાદનિવાસી (હાલ મલાડ) શ્રી કીર્તિભાઈ નાગરદાસ કોઠારી (વર્ષ-૭૦)નું તા. ૧૪-૨-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

કલકત્તાનિવાસી શ્રી બાલચંદ્રજી પાટની તા. ૧૬-૨-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ધ્રોલનિવાસી (હાલ-સુરેન્દ્રનગર) ચંદુલાલ મોહનલાલ મહેતા (વર્ષ-૯૦) તા. ૧૮-૨-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ૬૫ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા.

વિંછિયાનિવાસી સ્વ. પ્રેમચંદ લક્ષ્મીચંદ શાહના પુત્ર ચીમનભાઈના ધર્મપત્ની શાંતાબેન તા. ૫-૩-૧૪ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી જયાબેન લખુભાઈ શેઠના સુપુત્રી આત્માર્થી ડૉ. રાજશ્રીબહેન (વર્ષ-૭૩) તા. ૧૮-૩-૨૦૧૪ના બોટાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

અમદાવાદનિવાસી પ્રફુલ્લભાઈ અમુલખભાઈ શેઠ (વર્ષ-૭૫) તા. ૧૯-૩-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ૧૫ વર્ષોથી સોનગઢ સ્થાયી રહેતા હતા તથા ગુરુદેવના તત્ત્વજ્ઞાનનો નિયમિત લાભ લેતા હતા.

સોનગઢનિવાસી શ્રી કાંતાબેન હિંમતભાઈ મહેતા (વર્ષ-૮૯)(તે શ્રી રવિન્દ્રભાઈ મહેતા ભાવનગરવાળાના માતુશ્રી)નો તા. ૨૩-૩-૧૪ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તેઓ છેલ્લા ૫૫ વર્ષથી કાયમી સોનગઢમાં જ વસવાટ કરી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજીનો ખૂબ લાભ લીધેલ હતો.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૧૨)
## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૨૨૧) વાસુદેવ અને પ્રતિવાસુદેવ મરીને નિયમથી .................. માં જાય છે.

(૨૨૨) અમૃતચંદ્રાચાર્યદેવે રચિત પંચાસ્તિકાય ટીકાને .......................... કહે છે.

(૨૨૩) ....................... લગ્ન પછી બીજા જ દિવસે દીક્ષા ધારણ કરી હતી.

(૨૨૪) સાધર્મીના દોષ ઢાંકવા તે .................... અંગ છે.

(૨૨૫) તીર્થંકર ભગવંતોને ....................... સંહનન હોય છે.

(૨૨૬) શબ્દ એ પુદ્‌ગલ પરમાણુની ..................... પર્યાય છે.

(૨૨૭) નિયમસારમાં તો નિર્મળ પર્યાયને પણ ......................... કહી છે.

(૨૨૮) શ્રુતજ્ઞાન વસ્તુને ................. બતાવે છે.

(૨૨૯) અનેક પ્રકારની પર્યાયનું લક્ષ છોડીને કેવળ એક આત્માનો અનુભવ કરવાથી ......... ............................. સ્વાદ આવે છે.

(૨૩૦) ...................... નો નાશ કરવાથી સમ્યગ્દર્શન થાય છે.

(૨૩૧) ..................... આચાર્યદેવ અધ્યાત્મમાં શિરોમણિ હતા.

(૨૩૨) નિશ્ચયને પ્રધાન કરીને વ્યવહારને ......................... કહ્યો છે.

(૨૩૩) વિશ્વના પદાર્થોમાં પરિવર્તન ....................... ગુણના કારણે થાય છે.

(૨૩૪) ભૂતાર્થનયથી નવ તત્ત્વોમાં એક જ ...................... પ્રકાશમાન છે.

(૨૩૫) વ્યવહારનય સર્વથા ..................... કરવા યોગ્ય નથી.

(૨૩૬) ત્રિકાળી ધ્રુવના આશ્રયે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય તે ................... છે.

(૨૩૭) નયના સઘળા વિકલ્પો છોડીને જીવે ................... થવું જોઈએ.

(૨૩૮) રાગને ઉપાદેય માને તે આત્માને ...................... માને છે.

(૨૩૯) શ્રી કુંદકુંદાચાર્યદેવને ........................... ચારિત્ર હતું.

(૨૪૦) આત્મા પોતાનાં ..................... કર્તા છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ-૨૦૧૪ના ઉત્તર

(૨૦૧) શ્રદ્ધાન
(૨૦૨) મોક્ષેચ્છુએ
(૨૦૩) પરમાવગાઢ
(૨૦૪) ૨૮ – ૮૦ – ૬૬૯૭૫
(૨૦૫) ૧૫ ક્રોડાક્રોડી સાગર
(૨૦૬) કુમુદચંદ્ર – પાર્શ્વનાથ
(૨૦૭) પાલેજ
(૨૦૮) કર્મભૂમિમાં
(૨૦૯) ઉમરાળા – ૯ – રવિવાર
(૨૧૦) અનસુયાનું – ધ્રુવનું
(૨૧૧) સાતમા – અગિયારમા
(૨૧૨) જિનસેનાચાર્ય
(૨૧૩) વેદક સમ્યક્ત્વ
(૨૧૪) લોકપ્રમાણ
(૨૧૫) ૬ લાખ પૂર્વ
(૨૧૬) ઘાતિ
(૨૧૭) અઘાતિ
(૨૧૮) (૧) આહાર (૨) શરીર
(૩) ઈન્દ્રિય (૪) શ્વાસોચ્છ્વાસ
(૫) ભાષા (૫) મન
(૨૧૯) ૫
(૨૨૦) ૨૩મો

## (૧૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

**(અ) નીચે આપેલ ૧૦ ગામોની સામે મહાપુરુષના નામથી જોડકા બનાવો.**

| | | |
|---|---|---|
| (૨૨૧) | વિદેહક્ષેત્ર .................................. | ઋષભદેવ ભગવાન |
| (૨૨૨) | ગિરનારજી .................................. | પારસનાથ ભગવાન |
| (૨૨૩) | ચંપાપુરી.................................... | મહાવીર ભગવાન |
| (૨૨૪) | બનારસ(કાશી)............................ | રામચંદ્ર ભગવાન |
| (૨૨૫) | કૈલાસગિરિ.................................. | કાનજીસ્વામી |
| (૨૨૬) | પાવાપુરી .................................... | શ્રીમદ્ રાજચંદ્ર |
| (૨૨૭) | માંગીતુંગી .................................. | શ્રી કુંદકુંદાચાર્ય |
| (૨૨૮) | પોન્નૂર...................................... | શ્રી સીમંધર ભગવાન |
| (૨૨૯) | સોનગઢ ..................................... | વાસુપૂજ્ય ભગવાન |
| (૨૩૦) | વવાણીયા.................................... | નેમિનાથ ભગવાન |

**(બ) નીચે આપેલ ૧૦ શબ્દોના આગળ જોડિયા લખવા**

| | | |
|---|---|---|
| (૨૩૧) | શત્રુંજય તીર્થક્ષેત્ર ........................... | જ્ઞાન |
| (૨૩૨) | સમયસારનો ભાઈ ......................... | સમ્યક્દર્શન |
| (૨૩૩) | મહાવીર ભગવાનનો મોક્ષ ................ | સિદ્ધ ભગવાન |
| (૨૩૪) | આત્માનો સ્વભાવ ......................... | પાંચ પાંડવ મુનિ |
| (૨૩૫) | સિંહના ભવમાં આત્મજ્ઞાન................ | નિયમસાર |
| (૨૩૬) | મોક્ષનું મૂળ ................................. | સમવસરણ |
| (૨૩૭) | ધર્મનો દરબાર.............................. | ઈન્દ્રભૂતિ |
| (૨૩૮) | વગર શરીરની સુંદર વસ્તુ ................ | મહાવીર ભગવાન |
| (૨૩૯) | ગૌતમ સ્વામીનું નામ ....................... | રત્નત્રય |
| (૨૪૦) | મોક્ષમાં જવાનું વિમાન ..................... | દીપાવલી પર્વ |

# બાળકો માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ–૨૦૧૪ના ઉત્તર

(૨૦૧) ભગત
(૨૦૨) ૧૯
(૨૦૩) પારસનાથ
(૨૦૪) હીરાચંદજી
(૨૦૫) ૧૩
(૨૦૬) ફાગણ – દસમ
(૨૦૭) (૧) મલ્લિનાથ
(૨) મુનિસુવ્રત
(૩) મહાવીર
(૨૦૮) મોક્ષમાં
(૨૦૯) (૧) અરિહંત (૨) સિદ્ધ
(૨૧૦) (૧) બ્રાહ્મી (૨) સુંદરી
(૨૧૧) ૪૦
(૨૧૨) અંજનચોર
(૨૧૩) પ્રદેશ
(૨૧૪) ૧૨૫
(૨૧૫) વસ્તુત્વ
(૨૧૬) મંદોદરી
(૨૧૭) ૧૦ – સ્વયંભૂ
(૨૧૮) લક્ષ્મણ
(૨૧૯) અનુભવી
(૨૨૦) કુંડલપુર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

* તારા સ્વભાવ સિવાય ભાઈ! બીજે ક્યાંય તને મીઠાશ રહી ગઈ હશે તો તને એ ચૈતન્યની મીઠાશમાં નહિ આવવા દે. ચૈતન્યની મીઠાશમાં પરની મીઠાશ તને વિઘ્ન કરશે. માટે હે ભાઈ! સમજીને પરની મીઠાશ છોડ. ૫૬.

* પોતાના આનંદ નિધાનને ભૂલેલું અને આત્માના અતીન્દ્રિય આનંદને નહિ પામેલું આખું જગત ભિખારી છે. કેમ કે ધન આદિ વિષયો પાસે તે આનંદની ભીખ માગી રહ્યું છે. સંતો તેને સંબોધે છે કે, અરે! વિષયોના ભિખારી! તું તો ચૈતન્ય રાજા છો. રાજા થઈને તું ભીખ કાં માગ? તારામાં તો અતીન્દ્રિય આનંદના નિધાન ભરેલાં છે, તું ઈન્દ્રિય–વિષયો પાસે ભીખ ન માગ. જરા શરમા! ભીખારીપણું છોડીને તારા આનંદ-નિધાનને સંભાળીને અતીન્દ્રિય આનંદનો ભોક્તા બન. ૫૭.

* આનંદરસના રસિયા મુનિ કરુણા કરીને એમ કહે કે રે આંધળા! તું આંધળો છે, કેમ કે જે છતી ચીજ–તારું આત્મસ્વરૂપ છે તેને તું જોતો નથી ને તારી નજર પુણ્ય-પાપ ને તેના ફળમાં છે માટે આંધળો છો. ભલે શાસ્ત્ર જાણતો હોય કે મહાવ્રતાદિની ક્રિયા પાળતો હોય પણ તે આંધળો છે, કેમ કે જેમાં અનંત આનંદ ને શાંતિ પૂર્ણ ભરેલી છે તેને તે ભાળતો નથી–દેખતો નથી. ૫૮.

* રાગનો રાગ કરનારાને, પુણ્યનો રાગ કરનારાઓને, સ્ત્રી-પુત્રાદિનો રાગ કરનારાઓને ચૈતન્યનો પ્રેમ નથી, તે ચૈતન્યનો ખૂની છે. માયાજાળનો પ્રેમીલો શુદ્ધ-સ્વરૂપી ભગવાનનો ખૂની છે. તારા ચૈતન્યના ખજાનાને જોતાં તને ભાસશે કે જે ખજાને ખાલી છે એવા શુભાશુભમાં તું પડ્યો છે. ભાઈ! તને મનુષ્યપણું મળ્યું છે ને? –જો તું તારા આત્માને અનુભવે તો મનુષ્યપણું મળ્યું કહેવાય. નહીં તો મનુષ્યરૂપે ઢોર સમાન છે. ૫૯.

* ભવ ને ભવના ભાવથી રહિત પ્રભુ છે, તેના સિવાય બીજે ક્યાંય ચેન પડે નહીં તેવી વસ્તુ છે. ચૈતન્યસ્વરૂપ એક જ ચેન પડે તેવી ચીજ છે તેથી તેને એકને જ અવલંબો. અહીં એકાંતે જ્ઞાયકસ્વભાવને જ અચળપણે અવલંબો તેમ કહ્યું છે. નિમિત્તનું દેવ-ગુરુ-શાસ્ત્રનું, રાગનું કે શુદ્ધ પર્યાયનું પણ અવલંબન લેવા કહ્યું નથી. ૬૦.

આત્મધર્મ
મે-૨૦૧૪
અંક-૯ * વર્ષ-૮

Posted at Songadh PO
Publish on 1-05-2014
Posted on 1-05-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org